સુવિચાર
મા-બાપ બાળકને સદ્‌વર્તનનો પહેલો પાઠ શીખવે તે દિવસથી બાળકના ભણતરની શરૂઆત થઈ ગણાય.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૨/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૦૬૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તદ્દન મફત/વિના મુલ્યે
આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૧-૦૨-૨૦૨૪ બુધવાર તથા ૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
• આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
• પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆત બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈધ્ધાંતિક મંજૂરીને મહોર મારી

# ભૈ વાહ : અમરેલીમાં રૂપિયા ૫૦ કરોડનાં ખર્ચે રીવરફ્રન્ટ બનશે

- આગામી દિવસોમાં વહીવટી મંજૂરી મળ્યા બાદ યુધ્ધનાં ધોરણે કામગીરી શરૂ કરવામાં આવશે
- કુલ ૩ ફેઈઝમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે જેમાં સૌ પ્રથમ આરસીસી રિટેઈનીંગ વોલ કરાશે
- ફેઈઝ–૨ માં રીવર એસ્કેવેશન અને ફિલિંગનું કામ શરૂ કરવામાં આવશે
- ફેઈઝ-૩માં સીસી રોડ, પેવર બ્લોક પથવે, ગાર્ડન, સ્ટ્રીટલાઈટ, ફાઉન્ટેન વિગેરેની સુવિધા થશે


પ્રતિકાત્મકતસ્વીર

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરની મધ્યમાંથી પસાર થતી ઠેબી નદી પર રીવરફ્રન્ટ બનાવી અમરેલી નગરની શોભા વધારવા તથા નગરજનોને વધુ સારી ભૌતિક સુવિધાઓ મળે અને અમરેલી શહેરના બ્યુટીફિકેશનમાં વધારો થાય એ માટેનાં પ્રયાસો અને રજૂઆત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ધારાસભ્ય કૌશિક વેકરિયા ધ્વારા કરવામાં આવેલ. જે રજૂઆતને સ્વીકારીને મુખ્યમંત્રીએ રૂપિયા ૫૦ કરોડ જેવી

અનુસંધાન પાના ૬ ઉપર

## બચ્ચાવાળી સિંહણે ગલીઓમાં ચક્કર લગાવ્યા

# સાવરકુંડલા : આંબરડીમાં પુનઃ સિંહણે દેખા દેતાં ગ્રામજનોમાં ફફડાટ

### ચોટલીધાર નજીક સિંહણનો વસવાટ હોવાની ચર્ચા



આંબરડી, તા. ૨૧

સાવરકુંડલાના આંબરડી ગામે છેલ્લા એકાદ માસથી એક સિંહણે રેવન્યુ વિસ્તાર નજીક ધામા નાખ્યા છે. આંબરડી ગામની સીમ વિસ્તારમાં સિંહણે ચાર બચ્ચાંને જન્મ આપ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે

અનુસંધાન પાના ૬ ઉપર

## ગેરકાયદેસર મંડળી રચીને ધમાલ બોલાવી

# અમરેલીનાં કુંકાવાવ જકાતનાકા નજીક એક યુવક અને અન્ય ઉપર હુમલો

### યુવકની પત્ની અને અન્ય મહિલા પર પણ હુમલો

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં કુંકાવાવ જકાતનાકા પાસે રહેતા આરોપી કાબો જગાભાઈ પરમારે ગઈકાલે સાંજે મુળ નર્મદા જિલ્લાનાં વતની અને હાલ અમરેલીનાં કુંકાવાવ જકાતનાકા પાસે આવેલ ગજાનંદ મારબલ ફેકટરીમાં બ્લોક પાડવાની મજૂરી કામ કરતાં શૈલેષભાઈ ટેડગ્યાભાઈ વસાવા નામના ૩૨ વર્ષિય યુવક તથા સાહેદને અમરેલીનાં જેશીંગપરાથી કુંકાવાવ

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ..
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
NATRAJ
Gharelu Aatachakki
ફૂલી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૯૭૨, મો. ૯૮૨૫૫ ૫૯૫૯૭

LG BEST SHOP
Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો.99747 72377

### દિવસ–રાત ગમે તે સમયે વીજળી ગુલ થતી હોવાની ફરિયાદ

# અમરેલીનાં શહેરીજનો વીજ ધાંધીયાથી ત્રાહીમામ

**ઘણા મહિનાઓથી સમસ્યા યથાવત છતાં પણ ઉચ્ચ અધિકારીઓ વાતનુકુલિન કચેરીની બહાર નીકળી તપાસ કરતાં નથી**

**શહેરીજનો રજૂઆત કરીને થાકયા છતાં કોઈ યોગ્ય પરિણામ મળતું નથી**

**રાજકીય આગેવાનો અન્ય વિકાસનાં કાર્યોમાં વ્યસ્ત હોવાથી અધિકારીઓને તેમનો કોઈ ડર નથી**

**જિલ્લાકક્ષાનાં શહેરમાં પણ વીજ ધાંધીયા હોય તો અંતરિયાળ વિસ્તારની શું હાલત હશે**

અમરેલી, તા. ૨૧

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની વસ્તીનો આંક દોઢ લાખ સુધી પહોંચી રહ્યો છે. તેવા સમયે શહેરીજનો ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, ધુળની ડમરીઓ, વિકરાળ ટ્રાફિક સમસ્યાથી ચિંતાગ્રસ્ત હોય અધુરામાં પુરૂ પાલિકાની સંગાથે પીજીવીસીએલ ધ્વારા પણ સમસ્યા ઉભી કરવામાં આવી રહી છે.

અમરેલી શહેરમાં છેલ્લા થોડા દિવસોથી દિવસ–રાત ગમે તે સમયે વીજળી ગુલ થઈ જતાં શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા છે. વીજળીનાં અભાવે બાળકો, વૃધ્ધો, મહિલાઓ સહિત સૌ તોબા પોકારી જાય છે અને ફોલ્ટ સેન્ટરમાં કોઈ જવાબ દેવા તૈયાર નથી. શહેરીજનો પીજીવીસીએલ કચેરીમાં રજૂઆત કરીને થાકયા છતાં સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી.

પીજીવીસીએલનાં તગડો પગાર અને સુવિધા મેળવતાં અધિકારીઓને રાજકીય આગેવાનો વિકાસકાર્યોમાં વ્યસ્થ હોવાથી તેમનો કોઈ ડર રહેતો નથી અને બીજી તરફ શહેરનાં લગભગ તમામ વિસ્તારમાં અવારનવાર વીજળી ગાયબ થઈ જાય છે.

પીજીવીસીએલનાં કર્મચારીઓ અને અધિકારીઓનાં ઉડાઉ જવાબથી શહેરીજનોમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો હોય રાજયનાં ઉર્જામંત્રીએ દરમિયાનગીરી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

### પાલિકાનાં શાસકો દ્વારા

# બાબરા ખાતે ભૂગર્ભ ગટરની કૂંડીઓની સાફ સફાઈ શરૂ કરાઈ

**આધુનિક મશીન વડે યુધ્ધનાં ધોરણે કામગીરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરામાં શહેર વિસ્તારોમાં છાસવારે ભૂગર્ભની કુંડીઓ ઉભરાય રહી હતી જેનું દુર્ઘન મારતું પાણી બઝારોમાં અને વિસ્તારોમાં ફરી વળતા લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડતી હતી. લોકોની સતત રજુઆતના પગલે પાલિકા દ્વારા મિશન ભૂગર્ભ ગટર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર અને ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી દ્વારા મિશન ભૂગર્ભ ગટર અભિયાન હેઠળ શહેરના દરેક વોર્ડ વિસ્તાર તેમજ જાહેર માર્ગો પર આવેલ ભૂગર્ભ ગટરની કુંડીઓને નિયમિત સાફ કરવાની કામગીરી કરવામાં આવશે અને તેનું પૂરતું સુપરવિઝન પણ હાથ ધરવામાં આવશે.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર તેમજ ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણીએ જણાવ્યું હતું કે, પાલિકાના ભૂગર્ભ ગટરના આધુનિક મશીન અને તર્ક વડે શહેરની ભૂગર્ભ ગટરની કુંડીઓ સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે કુંડીઓમાં મૂળ સુધી પાણી તેમજ કચરો ખેંચી લે છે. હાલ ભૂગર્ભ ગટરની સફાય હાથ ધરવામાં આવતા નગરજનોમાં રાહતની લાગણી જોવા મળી હતી.

### આંગણવાડી વર્કરો પડતર માંગને લઈને ઠેર–ઠેર કરે છે રજૂઆત

# નવતર પ્રયોગ : લીલીયાનાં આંગણવાડી વર્કરોએ ભાજપનાં ધારાસભ્યનાં કાર્યાલય ઉપર આવેદનપત્ર પાઠવ્યું

**મહિલા સશકિતકરણની ગુલબાંગો વચ્ચે મહિલાઓને ન્યાય મળતો નથી**




લીલીયા, તા. ૨૧

થોડા દિવસથી આંગણવાડી વર્કર અને હેલપર તેમના અનેક પડતર પ્રશ્નો અને માંગણી પુરી કરવા હડતાલ તેમજ આવેદનપત્ર પાઠવી રહ્યા છે. ત્યારે લીલીયા આંગણવાડી વર્કર અને હેલ્પર મહિલાઓ દ્વારા સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાને આવેદનપત્ર આપવા ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. પરંતુ હાલ વિધાનસભા સત્ર ચાલુ હોવાથી લીલીયા તાલુકા ભાજપ કાર્યાલયે તાલુકા ભાજપ પ્રમુખને આવેદનપત્ર પાઠવ્યું હતું. તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા તાત્કાલિક ધારાસભ્યને આવેદન પહોંચતું કરીશું તેવું આસન આપી લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીએ આવેદન સ્વીકાર્યું હતું. નયનાબેન ગરાણીયાની આગેવાની તાલુકાના આંગણવાડી વર્કર અને હેલ્પરો જોડાયા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ''સ્વચ્છતા અભિયાન'' પણ માત્ર કહેવા પુરતું હોય તેવું લાગે છે

# દામનગરમાં જાહેર સ્થળોએ ફેલાયેલ ગંદકીમાં રઝળતા પશુઓ ખાખાખોળા કરતાં હોય નારાજગી

**પાલિકાનાં શાસકો વિકાસની વાતોને બદલે ખરા અર્થમાં વિકાસ કરે તે જરૂરી**



દામનગર, તા. ૨૧

સ્વચ્છતા અભિયાન, સ્વચ્છતા સર્વેક્ષણ, સ્વચ્છતા ત્યાં પ્રભુતા જેવા સ્વચ્છતાનાં સંદેશાઓનો સ્વીકાર કરીયે પણ જો અભાવ જોવા મળે તો માખી–મચ્છરોનો ઉપદ્રવ થાય અને રઝળતા પશુઓ ખોરાક ગોતતા–ગોતતા ભેગા થયેલા કચરાના ઢગલામાં જઈને પેટ ભરતા જોવા મળે છે. આ દ્રશ્યો છે દામનગર શહેરની મધ્યમાં આવેલ જૂના પોલીસ સ્ટેશન, ગ્રામ પંચાયત કચેરી અને નાયબ મામલતદાર કચેરીના રેઢા પડ સમા ચોકમાં કચરાના ઢગલાથી રોગચાળો થવાનો ભય રહેતો હોય, નિયમિત આ સ્થળોએ સફાઈ કામગીરી થાય તો વધુ ગમશે અને હા આ ત્રણેય જૂની બંધ ઈમારતોની આજુ–બાજુ બે ધર્મસ્થાનો હોય નિયમિત સાફ–સફાઈ જરૂરી છે.

### ''સાંસદ ખેલ સ્પર્ધા''માં શ્રેષ્ઠ દેખાવ કરીને

# અમરેલીની ગજેરા સ્કૂલનાં વિદ્યાર્થીઓએ યોગાસન સ્પર્ધામાં ગોલ્ડ મેડલની સિદ્દિધ મેળવી

**સ્કૂલનાં ટ્રસ્ટીએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી**





અમરેલી, તા. ૨૧

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ કેમ્પસમાં ' સાંસદ ખેલ સ્પર્ધા' ૨૦૨૪–૨૫ શરૂ છે. જેમાં અમરેલી જિલ્લાની તમામ તાલુકાની ટીમોએ યોગાસન સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ યોગાસન સ્પર્ધામાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ, અમરેલીના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી પટેલ હેનિલ પ્રકાશભાઈ યુ–૧૯ ભાઈઓ જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યુ છે. તેમની આ અનેરી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટીઓ તેમજ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યઓ તથા કોચ ધ્વારા અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવેલ છે. આ સંસ્થામાં અનેક નવી નવી રમત–ગમતમાં વિદ્યાર્થીઓ મેડલ પ્રાપ્ત કરે તેની ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. કોચ તથા વિદ્યાર્થીની મહેનત અને પ્રમુખના પ્રોત્સાહન અને માર્ગદર્શનના કારણે અનેરી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શાળા તથા જિલ્લાનું નામ રોશન કરેલ છે. ખેલાડી ઉત્તરોત્તર પ્રગતી કરે તે માટે પ્રમુખ વસંતભાઈ ગજેરાએ હૃદયપૂર્વક શુભકામના પાઠવેલ છે.

### શાળાનાં મેનેજીંગ ડાયરેકટર ભાર્ગવ પટેલ દ્વારા સ્વાગત

# બાબરામાં શ્રી વિવેકાનંદ સ્કૂલની નિવૃત્ત કલેકટર દ્વારા શુભેચ્છા મુલાકાત લેવાઈ

**લલિતભાઈ આંબલિયા સહિતનાં સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા શહેરમાં આવેલ વિવેકાનંદ સ્કૂલની મુલાકાતે નિવૃત્ત જીલ્લા કલેકટર, બિન અનામત અયોગ તેમજ એસ.ટી. નિગમના પૂર્વ ચેરમેન તેમજ વ્યકિત વિશેષસોમાં નોખા સાવ અનોખા મળવા જેવા માણસ એવા બી.એચ. ઘોડાસરા શાળાની શુભેરછા મુલાકાતે આવ્યા હતા. તેઓની સાથે બાબરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ લલીતભાઈ આંબલીયા ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં ચાલતી શૈક્ષણીક પ્રણાલી અને વિદ્યાર્થીના હિત માટેના વિવિધ મુદ્દાઓની શાળાના ટ્રસ્ટી ભાર્ગવ ભડાણીયા, કેમ્પસ ડાયરેકટર સમીર દવે અને પ્રકાશ ચૈતન્યસ્વામી સાથે ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીના સંર્વાગી વિકાસ માટે પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થી માધ્યમિક શિક્ષણ શરૂઆત કરે તેની સાથે સાથે જી.પી.એસ.સી. કે યુ.એસ.સી. તેમજ કારકિર્દીલક્ષી પરીક્ષાની તૈયારી કરવા લાગે અને વ્યકિત વિકાસનો પથ સાધે જેવી બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આગામી બોર્ડ પરીક્ષા આપતા વિદ્યાર્થી મિત્રોને શુભેચ્છા પાઠવી હતી.

### ગૌપાલક પર્યાવરણ ટ્રસ્ટે રાજય માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરતાં

# ધારીનાં મોણવેલ ખાતે સોલારપાર્ક દ્વારા પર્યાવરણનાં નિયમોનાં ભંગની ફરિયાદ બાદ અધિકારીઓને તેડુ

**આગામી ૨૮ ફેબ્રુઆરીનાં રોજ અચૂક હાજર રહેવા સુચના અપાઈ**

અમરેલી, તા. ૨૧

ધારીનાંમોણવેલખાતેધારી સોલાર પાર્ક ધ્વારા પર્યાવરણનાં નિયમોનો ઉલાળીયો કરીને થતી ગતિવિધિવિરૂધ્ધસરંભડાનાંગૌપાલક પર્યાવરણ ટ્રસ્ટે રાજય માનવ અધિકાર આયોગમાંફરિયાદ કરેલછે.

જે અનુસંધાને રાજય માનવ અધિકાર આયોગનાં રજીસ્ટ્રાર (લીગલ) ધ્વારા અમરેલીનાં કલેકટર, જુનાગઢનાં કલેકટર, ધારીનાં એસીબી, જુનાગઢનાં નાયબ વન સંરક્ષક, સોલાર પાર્કનાં મેનેજર, વેકરિયા ગામનાં સરપંચ, જેટકોનાં એમ.ડી. અને ટ્રસ્ટનાં સેક્રેટરીને આગામી ૨૮ ફેબ્રુઆરીનાં રોજ રાજય આયોગ–ગાંધીનગર ખાતે જરૂરી માહિતી અને સુસંગત દસ્તાવેજો સહિતનાં અહેવાલ સાથે અચૂક હાજર રહેવા સુચના આપવામાં આવી છે.

## ગુરૂકૃપાનગરનાં શિવશકિત મહિલા ગરબા મંડળ દ્વારા થયું ભકિતસભર આયોજન

# અમરેલીનાં નાગનાથ મંદિર ખાતે મંગળવારથી શિવકથાનો થશે પ્રારંભ

**૨૭ ફેબ્રુઆરીનાં સવારે ૧૧:૩૦ કલાકે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું**

**ગાંધીનગરનાં વિદ્વાન શાસ્ત્રી નેવીલ કિશોર ભટ્ટ કથાનું રસપાન કરાવશે**

**કથા દરમિયાન સતી પ્રાગટય, શિવ તાંડવ, શિવપાર્વતી વિવાહ સહિતાનાં પ્રસંગનું વર્ણન થશે**

**ધર્મપ્રેમી જનતાએ દરરોજ બપોરે ૨:૩૦ થી સાંજના ૬:૩૦ સુધી કથાનું રસપાન કરવા અનુરોધ**

બાબરા, તા. ૨૧

અમરેલીમાં આગામી તા. ૨૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ સુધી અહીં શહેરમાં પૌરાણીક અને સમગ્ર શહેરના આસ્થા સમાન ભગવાન શ્રી નાગનાથ મહાદેવના મંદિરમાં ભવ્ય અને દિવ્ય શ્રી શિવમહાપુરાણ જ્ઞાન યજ્ઞનું દિવ્ય અને મંગળ આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી શહેરમાં આવેલ ગુરૂકૃપાનગરની શિવશકિત મહિલા ગરબા મંડળ દ્વારા ભવ્ય અને દિવ્ય શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી નાગનાથ મહાદેવના સન્મુખ અને તેમના સાંનિધ્યમાં ગાંધીનગરના યુવાન અને વિદ્વાન શાસ્ત્રી નેવીલ કિશોર ભટ્ટ કથાના વ્યાસાસને બિરાજી સંગીતમય શૈલીમાં મહાદેવની કથાનું રસપાન કરાવશે.



અમરેલીમાં નાગનાથ મહાદેવના સાંનિધ્યમાં આયોજિત દિવ્ય કથામાં તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧/૩૦ કલાકે ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા અહીં જુના નાગનાથ મહાદેવ મંદિરેથી નીકળી કથા સ્થળે પહોંચશે. કથા દરમિયાન બીલીપત્ર મહાત્મ્ય, રૂદ્રાક્ષ મહાત્મ્ય, સતી પ્રાગટય, શિવ તાંડવ, શિવ પાર્વતી વિવાહ, કાર્તિક પ્રાગટય અને ગણપતિ પ્રાગટય સહિતના ધાર્મિક અને દિવ્ય પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે.

નાગનાથ મહાદેવના સાંનિધ્યમાં આયોજિત મહાદેવની દિવ્ય કથા એક જ સત્ર યોજાશે દરરોજ બપોરના ૨/૩૦થી સાંજના ૬/૩૦ કલાક સમય દરમિયાન યોજાશે.

શિવકથાને લઈ ભવ્ય આયોજન માટે શિવ શકિત ગરબી મંડળની મહિલાઓ દ્વારા જોરશોરથી તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. અમરેલી શહેર તેમજ આસપાસના ધર્મપ્રેમી જનતાને શિવકથાનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવા આવ્યું છે.

### ''અમરેલી એકસપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થયાનાં દિવસે જ થયો અકસ્માત

# સાવરકુંડલા-ચરખડીયા વચ્ચેનાં એક કિ.મી.માં રાતોરાત ઉભા કરાયેલ સ્પીડ બ્રેકર હટાવવા જરૂરી

**નાના ભંડારીયાનું દંપત્તિ બાઈક પર પસાર થતાં સ્પીડ બ્રેકરનાં કારણે થયો અકસ્માત**



અમરેલી, તા. ૨૧

''અમરેલી એકસપ્રેસ''માં આજે જ અહેવાલ પ્રસિધ્ધ થયેલ કે સાવરકુંડલાનાં બાયપાસથી ચરખડીયા વચ્ચે એક કિ.મી.નાં માર્ગમાં નિયમ વિરૂધ્ધનાં ૪ સ્પીડબ્રેકર ભયજનક રીતે ઉભા કરવામાં આવ્યા હોય અકસ્માતની સંભાવના હોય અને આજે સાંજે જ નાના ભંડારીયા ગામનું એક દંપત્તિ સ્પીડબ્રેકર ઉપરથી પસાર થતાં બાઈક પલ્ટી જતાં બંનેને ઈજા થવા પામી છે.

નેશનલહાઈવેઓથોરીટીનાં અધિકારીઓએ આ બાબતે ગંભીર ગણીને યુધ્ધનાં ધોરણે સ્પીડબ્રેકર હટાવવા જરૂરી છે. કારણ કે વ્હેલી સવારે કે રાત્રીનાં સમયે સ્પીડબ્રેકરનાં લીધે અકસ્માતનું પ્રમાણ વધશે તેવું વાહનચાલકો જણાવી રહૃાા છે.

### નેશનલ હાઈવે ઓથોરિટી ની મૂર્ખાઈનું પ્રદર્શન...!!

# સાવરકુંડલા અમરેલી નેશનલ હાઈવે નંબર ૩૫૧ ઉપર રાતોરાત સ્પીડ બ્રેકર્સ ઉભા કરી દીધા...!

**એકાદ નહિ પણ એક કિલોમીટરમાં ચાર ચાર...!!**

### વાડીમાં આવેલ કૂવામાં પડી ગયાની ઘટના

# રાજુલાનાં માંડરડી ગામે શિકાર કરવા જતાં દીપડો ખૂદ શિકાર થયો

**વન વિભાગે દીપડાને રેસ્કયુ કરી બહાર કાઢયો**

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં વન્ય પશુઓ છાશવારે વાડી ખેતરમાં આવેલ કૂવામાં ખાબકતા હોવાના બનાવો સામાન્ય બન્યા છે. ત્યારે આજે ઢળતી સંધ્યાએ એક કદાવર દીપડાએ શિકારની પાછળ દોટ મુકતા ખુદ શિકારી દીપડો એક વાડીમાં આવેલ કૂવામાં ખાબકયો હતો. જે અંગે વાડીની આજુબાજુમાં રહેતા લોકોએ વન વિભાગને જાણ કરતાં વન વિભાગ ઘટના સ્થળે પહોચ્યું હતું અને ઢળતી સંધ્યાએ વન વિભાગ દ્વારા દીપડાને રેસ્કયુ કરી કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના નવી માંડરડી ગામે ધાતરવડી નદીના કીનારે આવેલી એક વાડીમાં આજે ઢળતી સંધ્યાએ એક કદાવર દીપડાએ શિકારની પાછળ દોટ મુકતા દીપડો તે વાડીમાં આવેલ કૂવામાં ખાબકયો હતો અને શિકાર નાશી ગયો હતો. જે અંગે વાડીની આજુબાજુમાં રહેતા લોકોએ વન વિભાગને જાણ કરતાં વન વિભાગ ઘટના સ્થળે પહોચ્યું હતું અને ઢળતી સંધ્યાએ વન વિભાગ દ્વારા દીપડાને રેસ્કયુ કરી કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને રાજુલા વન વિભાગે દીપડાને પાંજરે પુરી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# બાબાપુર ખાતે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

બાબાપુર, તા. ૨૧

શ્રી પોસ્ટ બેઝિક હાઈસ્કુલ બાબાપુરમાં ''વિશ્વ માતૃભાષા દિન'' ની ઉજવણી કરવામાં આવી હતી.

૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસે ''મને ગર્વ છે મારી માતૃભાષા ગુજરાતી પર'' વિષય ઉપર અમારી શાળાના શિક્ષક હરગોવિંદભાઈ પંડયા દ્વારા બાળકોને વકતવ્ય આપતા જણાવ્યું કે માટી છે, એ માટીમાં મૂળ છે મારા, ભાષા મારી ગુજરાતી છે.

શાળાના અન્ય શિક્ષક હિમાંશુભાઈ જોશીએ જણાવ્યું હતું "ગુજરાતી ભાષા આપણી ગળથૂથીમાં છે." સાથે સાથે કવિ સ્નેહલ જોષીએ ગુજરાતી ભાષાનું ગૌરવગાન કરતી ઓડિયો કિલપ વિદ્યાર્થીઓને સંભળાવી હતી. ગુજરાતી ભાષાદિને સુંદર સુવિચાર રજૂ કરી ભાષા, વાણી વિચારીને બોલાવીને રજૂઆત કરી શાળાના ઈન્ચાર્જ આચાર્ય લાભુબેનના માર્ગદર્શનથી વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાયો હતો. શાળામાં શિક્ષક, સ્ટાફ તથા વિદ્યાર્થીઓ હાજર રહૃાા હતા.

### કલેકટરના અધ્યક્ષ સ્થાને રોડ સેફટી કમિટીની બેઠક યોજાઈ

# અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં ફેટલ અને મૃત્યુની સંખ્યામાં ઘટાડો

**જિલ્લાના માર્ગોને વધુ સલામત બનાવવા અને માર્ગ સુરક્ષાના કાયદાના અમલીકરણ અંગે કમિટીને માર્ગદર્શન આપતા કલેકટર**

અમરેલી, તા. ૨૧

જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા રોડ સેફટી કમિટીની બેઠક યોજાઈ હતી. જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેકટરએ ગત બેઠકની સમીક્ષા સાથે આગામી સમયના આયોજન અને રોડ સેફટીને લગતા કાર્યોની સમીક્ષા કરી હતી. જિલ્લાના માર્ગોને વધુ સલામત બનાવવા અને માર્ગ સુરક્ષાના કાયદાના અમલીકરણ અંગે કમિટીને માર્ગદર્શન આપ્યુ હતું.

બેઠકમાં એ.આર.ટી.ઓ પઢિયાર દ્વારા સમગ્રતયા અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં વર્ષ ૨૦૨૩માં છેલ્લા બે વર્ષની સરખામણીએ અકસ્માતોની સંખ્યા ઘટી હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં સંભવિત અકસ્માત ક્ષેત્રોમાં ક્રેશ બેરિયરની કામગીરીની પ્રગતિ, સાઈનેજ, સફેદ પટ્ટા લગાડવાની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરે જિલ્લામાં રોડ સેફટીને લગતા કાર્યોની અને ભવિષ્યના આયોજનની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા કમિટીના સભ્યઓ, એઆરટીઓના અધિકારીઓ ઉપસ્થિત રહૃાા હતા.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### ઈસરોને ગગનયાન મિશનની તૈયારીમાં બીજી મોટી સફળતા

# સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ

## ભારતીય અવકાશ સંશાધોન સંસ્થા ઈસરો આ મિશન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ભ્રમણકક્ષામાં મોકલવાની મોકલવાની તૈયારી કરી રહ્યું છે

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ને ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ મિશન પછી ગગનયાન મિશનની તૈયારીમાં બીજી મોટી સફળતા મળી છે. ભારતીય સ્પેસ એજન્સીએ જાણકારી આપી છે કે ક્રાયોજેનિક એન્જિનનું પરીક્ષણ આજે પૂર્ણ થઈ ગયું છે. સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ છે. નોંધનીય છે કે ઈસરો આ મિશન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ભ્રમણકક્ષામાં મોકલવાની મોકલવાની તૈયારી કરી રહ્યું છે.આ અંગેની જાણકારી આપતા ઈસરોએ જણાવ્યું હતું કે સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ છે. વધુમાં કહ્યું હતું કે, કઠોર પરીક્ષણ પછી, એન્જિનની કાર્યક્ષમતા જાહેર કરવામાં આવી છે. આ એન્જિન એલવીએમ૩ વાહનના અપર સ્ટેજને તાકાત આપશે. ઈસરોના જણાવ્યાનુસાર, સીઈ૨૦ એન્જિનને હ્યુમન રેટેડ ધોરણો હેઠળ યોગ્ય બનાવવા માટે, ચાર એન્જિનને અલગ-અલગ પરિસ્થિતિઓમાં ૩૯ હોટ ફાયરિંગ ટેસ્ટમાંથી પસાર થવું પડ્યું હતું. આ પ્રક્રિયા ૮ હજાર ૮૧૦ સેકન્ડ સુધી ચાલી હતી. ખાસ વાત એ છે કે યોગ્યતા હાંસલ કરવા માટે એન્જિનને ૬ હજાર ૩૫૦ સેકન્ડ સુધી આ પરીક્ષણોમાંથી પસાર થવું પડે છે. ઈસરોએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રથમ માનવરહિત ગગનયાન મિશન (S1) ૨૦૨૪ના બીજા ક્વાર્ટરમાં પૂર્ણ થઈ શકે છે. ઈસરો ગગનયાન મિશન હેઠળ ત્રણ સભ્યોના ક્રૂને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મોકલવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે ભારતીય જળસીમામાં તેમનું સુરક્ષિત ઉતરાણ પણ ઈસરોના મિશનનો એક ભાગ છે. આ મિશનનું નામ સંસ્કૃત શબ્દ પરથી રાખવામાં આવ્યું છે, જેનો અર્થ આકાશ સુધી લઈ જનાર વાહન થાય છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ગગનયાન પ્રોજેક્ટ પર ૯૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. જો ભારતીય સ્પેસ એજન્સી આ મિશનમાં સફળ થશે તો ભારત અવકાશમાં માનવ મોકલનાર ચોથો દેશ બની જશે. આ પહેલા સોવિયત સંઘ, અમેરિકા અને ચીન આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી ચૂક્યા છે.હવે લોકોને અહીં સવાલ થતો હશે કે હ્યુમન રેટિંગ શું છે? તો સરળ ભાષામાં સમજીએ તો અંતરિક્ષમાં મોકલવામાં કોઈ સ્પેસક્રાફ્ટ કે લૉન્ચ વ્હિકલ માણસોને લઈ જવા અને પાછા લાવવા માટે કેટલા સુરક્ષિત છે તેનું પરીક્ષણ કરાય છે. આ પરીક્ષણ પછી હ્યુમન રેટિંગ, મેન રેટિંગ કે ક્રૂ રેટિંગ સર્ટિફિકેટ અપાય છે.

### ગૃહરાજ્યમંત્રીનું વિધાનસભા ગૃહમાં નિવેદન

# હવે એક કોલથી શહેરમાં ૧૦ મિનિટ અને ગામડામાં ૨૦ મિનિટમાં પોલીસ પહોંચશે

## હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં પોલીસ ગુના સ્થળે પહોંચવાના રિસ્પોશન ટાઈમ ઘટાડવામાં આવશે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભામાં હાલ બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે વિવિધ પ્રશ્નોતરી પર રાજ્ય સરકારના મંત્રીઓ જવાબ આપી રહ્યા છે. ગૃહ વિભાગની બજેટ માંગણીઓ પર જવાબ આપતા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. હર્ષ સંઘવીએ જનતાની સુરક્ષા વિશે ગૃહમાં વાત કરતા જણાવ્યું હતું કે હવેથી રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં માત્ર એક ફોનથી પોલીસ તાત્કાલિક પહોંચશે. પોલીસનો ગુના સ્થળે પહોંચવાના રિસ્પોશન ટાઈમ ઘટાડવામાં આવશે. આ સિવાય રાજ્ય સરકારની સ્પેશ્યલ એક્શન ફોર્સ જીછહ્લની રચના કરાશે. આ સિવાય રાજ્ય સરકાર નવી ફોર્સ ઉભી કરશે.હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં પોલીસ ગુના સ્થળે પહોંચવાના રિસ્પોશન ટાઈમ ઘટાડવામાં આવશે. જી હા... હવે ૧૧૨ ટોલ ફ્રી નંબરની સેવા શરૂ કરાશે, જેના કારણે ગુના સ્થળે કોઈ પણ વ્યક્તિ ફોન કરશે તો રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ માત્ર ૨૦ મિનિટમાં પહોંચી જશે, જ્યારે શહેરી વિસ્તારોમાં ૧૦ મિનિટમાં પહોંચશે. એટલે કે શહેરી વિસ્તારમાં માત્ર એક ફોન કોલથી માત્ર ૧૦ મિનિટમાં ગુના સ્થળે પોલીસ પહોંચી જશે. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ગુના સ્થળે પોલીસ ૨૦ મિનિટમાં પહોંચી જશે.ગુજરાતમાં નવા પોલીસ સ્ટેશનો ઊભા થયા છે, તેના માટે પણ વાહનોની ખરીદી કરવામાં આવનાર છે, જે પેટે બજેટમાં ૮.૮૩ કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્ય સરકાર નવા ૧૧૦૦ વાહનો ખરીદશે. રાજ્યના પોલીસ વિભાગમાં કેન્દ્ર સરકારની વાહન સ્ક્રેપિંગની નીતિને અનુસરીને સ્ક્રેપ થયેલા વાહનોની સામે નવા વાહનો ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે માટે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૪.૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.એ જ રીતે પોલીસ તાલીમ સંસ્થાઓ માટે વાહનો ખરીદવા માટે ૨.૭૭ કરોડની બાબત રજૂ કરવામાં આવી છે, જ્યારે પોલીસ ખાતાની કચેરીઓમાં રદબાતલ વાહનો સામે નવા વાહનની - ખરીદી માટે ૨૬.૮૫ કરોડ વાપરવામાં આવશે. એસીબીની કચેરીના નવા વાહનો માટે ૧.૪૧ કરોડ જ્યારે સ્પેશિયલ એક્શન ફોર્સના નવા વાહનો માટે ૬.૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી

# અમેરિકાના તમામ ૪૫ પ્રમુખોમાં ટ્રમ્પ ખરાબ

## યાદીમાં વર્તમાન પ્રમુખ બાઈડનને ૧૪મું સ્થાન અપાયું

વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે જેને હવે ગણતરીના જ મહિનાઓ બાકી છે ત્યારે હવે એક ચોંકાવનારો સરવે બહાર આવ્યો છે જેમાં અમેરિકાના તમામ ૪૫ પ્રમુખોમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને સૌથી ખરાબ ગણાવવામાં આવ્યા છે. આ યાદીમાં વર્તમાન પ્રમુખ બાઈડનને ૧૪મું સ્થાન આપવામાં આવ્યું છે. અમેરિકામાં આ વર્ષે ૫મી નવેમ્બરે યોજાનારી ચૂંટણી બાદ નક્કી થશે કે વિશ્વના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ કોણ બનશે. ઉલ્લેખનીય છે કે રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પાર્ટીમાં જો બાઈડેન જે રીતે પોતાના વિરોધીઓ પર લીડ લેતા જોવા મળી રહ્યા છે, ત્યારે આ બંને વચ્ચે જબરી સ્પર્ધા જોવા મળી શકે છે. આ વચ્ચે અમેરિકામાં પ્રેસિડેન્ટ ડેના એક દિવસ પહેલા પ્રેસિડેન્શિયલ ગ્રેટનેસ પ્રોજેક્ટ એક્સપર્ટ સરવેમાં અમેરિકન નેતાઓની યાદી બહાર પાડવામાં આવી છે. ૧૫ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવેલા આ સરવે અનુસાર, પૂર્વ અમિકન પ્રમુખડોનાલ્ડ ટ્રમ્પને યાદીમાં સૌથી નીચે રાખવામાં આવ્યા છે જ્યારે અમેરિકાના વર્તમાન પ્રમુખ જો બાઈડનને ૧૪મું સ્થાન આપવામાં આવ્યું છે.

યુનિવર્સિટી ઓફ કોસ્ટલ કેરોલિનાના વોન અને યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટનના રોટીંગહોસે ૧૫૪ વિદ્વાનોનો સરવે કર્યો હતો, જેમાં અમેરિકન પોલિટિકલ સાયન્સ એસોસિએશનના અધ્યક્ષો અને એક્ઝિક્યુટિવ પોલિટિક્સ વિભાગના વર્તમાન અને તાજેતરના સભ્યોનો સમાવેશ થાય છે.

આ નિષ્ણાતોએ લોકોને સમજાવ્યું હતું કે તેમનું લક્ષય શ્રેષ્ઠ પ્રમુખ કોણ છે તે જાણવાનું છે. આ સરવેમાં અમેરિકાના અત્યાર સુધી રહી ચૂકેલા તમામ ૪૫ પ્રમુખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૮માં પણ આવો જ એક સરવે કરવામાં આવ્યો હતો. આ સરવેમાં લોકોને દરેક રાષ્ટ્રપતિને ૦ થી ૧૦૦ સુધી રેટ કરવા કહ્યું હતું. જેમાં ૦નો અર્થ સૌથી નિષ્ફળ, ૫૦નો અર્થ સામાન્ય અને ૧૦૦નો અર્થ મહાન હતો. આ પછી તેઓએ દરેક પ્રમુખ માટે સરેરાશ સ્કોરની ગણતરી કરી અને તેમને પ્રથમથી છેલ્લા સુધી સ્થાન આપ્યું હતું. આ વર્ષના સરવેમાં ટોચના સ્થાનમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. આ યાદીમાં એકમાત્ર મોટો ફેરફાર ટ્રમ્પનો હતો.

આ સરવે મુજબ અબ્રાહમ લિંકનને પ્રથમ સ્થાન મળ્યું છે, જેમણે દેશમાં ગુલામી નાબૂદ કરી હતી. એટલું જ નહીં, તેમણે ગૃહયુદ્ધ દરમિયાન દેશનું નેતૃત્વ કર્યું હતું. આ યાદીમાં બીજા સ્થાને ફ્રેંકલિન ડેલાનો રૂઝવેલ્ટ હતા, જેમણે મહામંદી અને બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન અમેરિકાને માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે આ યાદીમાં ત્રીજા સ્થાને પ્રથમ પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટન રહ્યા હતા. આ યાદીમાં આગળના ત્રણ સ્થાનમાં ટેડી રૂઝવેલ્ટ, થોમસ જેફરસન અને હેરી ટ્રૂમેન હતા. અગાઉની યાદીમાં નવમા સ્થાને રહેલા બરાક ઓબામા આ વર્ષે સાતમા સ્થાને રહ્યા હતા.

### આપના ધારાસભ્ય ચૈતર વસાવાનું નિવેદન

# ભરૂચ બેઠક પર મોદી કે રાહુલ લડે તો પણ આમ આદમી પાર્ટી જ વિજેતા થશે

## મનસુખ વસાવા એ ચેલેન્જ કરી કે કેજરીવાલ કે ઇસુદાન ગઢવી નરેન્દ્ર મોદીની સામે વારાણસીથી ચૂંટણી લડી બતાવે

ભરૂચ, તા.૨૧

મોદી અને રાહુલ ગાંધી એ ભાજપ અને કોંગ્રેસના કદાવર નેતાઓ છે. ચૈતર વસાવા આદીવાસી સમાજમાં લોકપ્રિય હશે પણ મોદી અને રાહુલ ગાંધીને હરાવવાના હવે સપનાં જોવા લાગ્યા છે. મહત્વનું છે કે ડેડિયાપાડાના ધારાસભ્ય અને ભરૂચ લોકસભા બેઠકના આપના ઉમેદવાર ચૈતર વસાવાએ કહ્યું હતું કે ભરૂચ લોકસભા બેઠક પરઁ સ્મોદી કે રાહુલ ગાંધી લડે તો પણ આમ આદમી પાર્ટી જ વિજેતા બનશે. ચૈતર વસાવાના નિવેદન બાદ ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ચૈતર વસાવા પર આકરા પ્રહાર કર્યા છે.ચૈતર વસાવાના નિવેદનની સામે સાંસદ મનસુખ વસાવાએ કહ્યું કે ચૈતર વસાવા મૂર્ખ છે. મનસુખ વસાવા એ ચેલેન્જ કરી કે કેજરીવાલ કે ઈસુદાન ગઢવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સામે વારાણસી થી ચૂંટણી લડી બતાવે. સાંસદે કહ્યું કે ચૈતર વસાવા બોગસ નિવેદન કરે છે એ નવો નિશાળીયો છે, ચૈતર વસાવાને દુઃખે છે પેટ અને કૂટે છે માથું, કોંગ્રેસ અને આપના ગઠબંધનની અકળામણ ચૈતર વસાવા ભાજપ પર ઢોળે છે. ગઠબંધનમાં બાળક જન્મે તે પહેલાં નામકરણ કર્યું તેવી સ્થિતીનું નિર્માણ થયું છે. અમારે ગઠબંધન સાથે કોઈ લેવા દેવા નથી એમણે જે કરવું હોય તે કરે અમેં તો અમારું ઘર સાંભળવા માટે ની તૈયારી હાથ ધરી દીધી છે. આમ આદમી પાર્ટીના લોકસભાના ઉમેદવારો ડિપોઝીટ પણ ગુમાવશે. ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભરૂચ લોકસભાના ઉમેદવાર તરીકે તેમના નામની જાહેરાત કરી હતી. એ બાદ જાણે ભરૂચ લોકસભા બેઠક પર રાજકીય માહોલ ગરમાયો હોય એવું જોવા મળી રહ્યું છે. ભાજપ હોય કે કોંગ્રેસ, તમામ પાર્ટીઓ એકબીજા પર આક્ષેપ પ્રતિઆક્ષેપ કરી રહી છે. આ વચ્ચે જેલમાંથી છૂટ્યા બાદ ચૈતર વસાવાએ પણ લોકસંપર્કના કાર્યક્રમો શરૂ કર્યા છે અને હાલ ચૈતર વસાવા એ લોકસંપર્કમાં બેફામ બોલી રહ્યા છે આજે ચૈતર વસાવા એ નિવેદન કર્યું છે કે ભરૂચ લોકસભા બેઠક પર નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી પણ લડે તો પણ આમ આદમી પાર્ટી જ વિજેતા થશે.ચૈતર વસાવા ભરૂચમાંથી ચૂંટણી લડવા માંગે છે. આવી સ્થિતિમાં લોકસભાની ચૂંટણી પહેલા ભરૂચ બેઠક ચર્ચામાં આવી છે. કોંગ્રેસના ચાણક્ય ગણાતા અહેમદ પટેલે ખૂબ નાની ઉંમરે આ બેઠક જીતીને હેટ્રિક ફટકારી હતી, પરંતુ ૧૯૮૯ની ચૂંટણીમાં ભાજપની હાર બાદ તેઓ ફરીથી રાજ્યસભામાં ચૂંટાવા લાગ્યા હતા. ભરૂચ એ ગુજરાતની એક બેઠક છે જે હિન્દુત્વના ગઢના કેન્દ્ર તરીકે જોવામાં આવે છે. ભરૂચમાં ૧૯૮૪થી ભાજપે માત્ર લોકસભાની બેઠક જ નહીં પરંતુ વિધાનસભાની બેઠકો પર પણ પ્રભુત્વ જમાવ્યું છે પરતું આ લોકસભામાં માહોલ થોડો અલગ છે. જેનો ડર ભાજપને પણ છે. આમ છતાં પાર્ટીએ દરેક બેઠક ૫ લાખની લીડથી જીતવાના સંકલ્પ સાથે ચૂંટણી મેદાનમાં ઝંપલાવી દીધું છે.

### સાંઠગાંઠ-તોડની બંનેની ખૂલી પોલ, અધ્યક્ષ વચ્ચે પડ્યા

# દારૂ મુદ્દે બે ઠાકોર ધારાસભ્યો વિધાનસભામાં બાખડી પડ્યા

## ગૃહમંત્રી હર્ષ સંઘવીને અલ્પેશ ઠાકોરે અલ્પેશ સંઘવીતરીકે સંબોધ્યા હતા જેના કારણે ગૃહમાં કુતુહલ સર્જાયું હતું

ગાંધીનગર, તા.૨૧

ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગેનીબેન ઠાકોર પર બુટલેગર સાથે સાંઠગાંઠના આક્ષેપ લગાવ્યા હતા, તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે અલ્પેશ ઠાકોર પર કોઈનો તોડ કર્યો હોવાના આક્ષેપ લગાવ્યા હતા

ગુજરાત વિધાનસભામાં આજે જે દ્રશ્યો જોવા મળ્યા તેમાં રાજકારણની સાથે રમુજ પણ હતી. નોકજોકની સાથે-સાથે હળવાશ પણ હતી. સૌથી પહેલા વાત કરીએ વિધાનસભામાં થયેલી નોકજોકની તો આજે વિધાનસભામાં ભાજપ અને કોંગ્રેસના ઠાકોર ધારાસભ્યો વચ્ચે આક્ષેપબાજી થઈ હતી..બે ઠાકોર ધારાસભ્યો દ્વારા એકબીજા પર આરોપો મુકવામાં આવ્યા હતા જેમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા બન્નેને શાંત કરાવવામાં આવ્યા હતા.ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગેનીબેન ઠાકોર પર બુટલેગર સાથે સાંઠગાંઠના આક્ષેપ લગાવ્યા હતા, તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે અલ્પેશ ઠાકોર પર કોઈનો તોડ કર્યો હોવાના આક્ષેપ લગાવ્યા હતા.. આખરે વિધાનસભા અધ્યક્ષે બન્નેને અટકાવીને મામલો શાંત પાડ્યો હતો.

આ સાથે ગૃહમાં એવી ક્ષણો પણ જોવા મળી જેમાં સમસ્ત ગૃહમાં હાસ્યનું મોજુ ફરી વળ્યુ હતું.. ગૃહ વિભાગની માંગણી દરમ્યાન ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગૃહરાજ્ય મંત્રીનું નામ બોલવામાં લોચો માર્યો હતો.. ગૃહ રાજ્ય મંત્રીના નામનો ઉલ્લેખ કરતી વખતે તેઓ હર્ષ સંઘવીને બદલે અલ્પેશ સંઘવી બોલી ગયા હતા.. આ સાથે ગૃહમાં તમામના ચહેરા પર સ્મિત ફરી વળ્યુ હતું.. અલ્પેશ ઠાકોરે ગૃહ રાજ્ય મંત્રી સાથે પોતાનું નામ જોડતા કુતુહલ પણ ફેલાયુ હતું.. દરમ્યાન કોંગ્રેસ નેતા શૈલેષ પરમારે રમૂજ મા ટકોર કરી કે હવે બહુ બોલ્યા આવતા સત્રમાં હવે બાકીનું બોલજો.

### ઊર્જા મંત્રી કનુ દેસાઈએ ગૃહમાં જણાવ્યું

# રાજ્ય સરકાર દ્વારા ખેતી માટે વીજ કરમાંથી મુક્તિ અપાઈ છે

## ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ રેગ્યુલેટરિટીના નિયત કરેલા દર મુજબ જ વીજળીની ખરીદી કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન આજે કોંગ્રેસ દ્વારા ગૃહમાં ૩૦૦ યુનિટ સુધી વીજ બીલ માફ કરવા અંગે પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. જેના જવાબમાં રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ ખેડૂતના હિતમાં રાજ્ય સરકાર દ્વારા ખેતી માટે વીજ કરમાંથી મુક્તિ અપાઈ હોવાની માહિતી આપવામાં આવી હતી.

કનુભાઈ દેસાઈએ ગૃહમાં જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોને વીજબિલના ફિક્સ ચાર્જમાં રાહત આપવા માટે રાજ્ય સરકારે મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજબિલ ફિક્સ ચાર્જમાં રાહત આપવાનો ખેડૂત હિત લક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે હંમેશા ખેડૂતોના હિતની ચિંતા કરી છે ગુજરાતમાં ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ સાથે ખેતી માટે વીજ કર વસૂલવામાં આવતો નથી, તેમને મુક્તિ આપવામાં આવી છે . કનુભાઈ દેસાઈએ પેટા પ્રશ્નોનો જવાબ આપતા કહ્યું હતું કે, ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ રેગ્યુલેટરિટીના નિયત કરેલા દર મુજબ જ વીજળીની ખરીદી કરવામાં આવે છે. અગાઉ ગ્રામીણ વિસ્તારમાં વીજ કર વર્ષ ૨૦૦૭માં ૧૦ ટકા હતો જેને વર્ષ ૨૦૧૨માં ઘટાડીને ૭.૫૦ ટકા કરવામાં આવ્યો છે જેમાં પણ ૨૫૦ યુનિટ સુધી કોઈ વીજ કરો વસૂલવામાં આવતો નથી. જ્યારે શહેરી વિસ્તારમાં અગાઉની સરકારમાં વર્ષ ૧૯૮૦માં ૪૦ ટકા વીજ કર વસૂલવામાં આવતો હતો, જે અમારી સરકારે ગ્રાહકોના હિતમાં વર્ષ ૨૦૦૬માં ૨૦ ટકા અને વર્ષ ૨૦૧૨માં તેમાં પણ ઘટાડો કરીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે.

મંત્રી કનુ દેસાઈએ કહ્યું હતું કે, પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૬૬૩૭ ખેડૂતોને વીજ બીલમાં વાર્ષિક ૧.૬૭કરોડની રાહત મળી છે. પાટણ જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૩૧૦૯ ખેડૂતોને વીજ બિલમાં વાર્ષિક ૬.૦૫ કરોડની રાહત આપવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ૧૬૨૩૨૫ ખેડૂતોને વીજબિલમાં વાર્ષિક ૧૬.૯૦ કરોડની ફિક્સ ચાર્જમાં રાહત આપવામાં આવી છે.

### વિદેશમાં જે જિલ્લાનો વાગે છે ડંકો એ આણંદ હવે છવાશે

# સિવિલ હોસ્પિટલ અને આયુર્વેદિક હોસ્પિટલનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત થશે

## ૨૫મી ફેબ્રુ. એ નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના અનેક વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થનાર છે

આણંદ, તા.૨૧

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે આગામી તા.૨૫ ફેબ્રુઆરીના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના અનેક વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થનાર છે. જેમાં આણંદમાં રૂ. ૧૬૩.૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી જિલ્લા કક્ષાની આધુનિક સુવિધાઓ વાળી સિવિલ હોસ્પિટલ અને આયુર્વેદિક હોસ્પિટલનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત કરવામાં આવશે. આણંદ ખાતે નિર્માણ થનાર જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ ૨૯૭૬૧ સ્ક્વેર મીટર વિસ્તારમાં ૨૩૯ વોર્ડ બેડ, ૪૫ આઈ.સી.યુ. બેડ અને ૦૪ ઓપરેશન થિયેટર ધરાવતી ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ત્રણ મજલાની જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, ઈમરજન્સી, રેડીયોલોજી, ફાર્મસી, લેબર એરિયા, ઓ.પી.ડી. જેવી કે ઓર્થોપેડીક, પીડીયાટ્રીક, ગાયનેક, જનરલ, ડેન્ટલ, ડાયેટીશીયન, ફીઝીયોથેરાપી, સ્કીન, એન.આર.સી., ૪ ઓટી કોમ્પ્લેક્ષ, એડવાન્સ લેબોરેટરી સર્વિસ, ડાયાલિસિસની સુવિધા ઉપલબ્ધ બનશે. વધુમાં, મેલ અને ફીમેલ વોર્ડ, આઈસોલેશન વોર્ડ, સ્પેશીયલ રૂમ, એન.આઈ.સી.યુ., પી.આઈ.સી.યુ., બર્ન, આઈ.સી.સી.યુ. અને એસ.આઈ.સી.યુ., પ્રીઝનર વોર્ડ તેમજ બ્લડ બેન્ક, કીચન અને ડાઈનીંગ, એડમીન ઓફીસ, ઈલેક્ટ્રીકલ અને પાવર બેક અપ સિસ્ટમ, મોર્ચ્યુરી, લોન્ડ્રી, મેડીકલ ગેસ પાઈપ લાઈન, ફાયર ફાઈટીંગ સીસ્ટમ, વોટર સપ્લાય, સુએજ સીસ્ટમ, બાયો મેડીકલ વેસ્ટ સિસ્ટમ ઉપલબ્ધ કરાવાશે.એટલું જ નહીં, હોસ્પિટલની આગળની બાજુએ લેન્ડ સ્કેપીંગ, ગાર્ડનીંગ તથા ઓપન એરિયામાં દર્દીઓના સગા-વ્હાલા માટે વેઈટીંગ એરિયા શેડ સાથે પાછળની બાજુએ ટુ વ્હીલર/ફોર વ્હીલર પાર્કિંગ શેડ તથા ઓવર હેડ વોટર ટેક્ર, પંપ રૂમ, સબમર્સિબલ બોર સહિતની સુવિધા અપાશે. આ ઉપરાંત, ૫૦ બેડ ધરાવતી આયુર્વેદિક હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, ફિઝીયોથેરાપી, યોગા હોલ હોમિયોપેથી, ઓ.પી.ડી, મેલ અને ફીમેલ વોર્ડ, મેલ અને ફિમેલ પંચકર્મ, કોન્ફરન્સ હોલ, વહીવટી કચેરી, ૨ સ્પેશીઅલ રૂમ, ઓટી, એડમિન ઓફીસનું નિર્માણ કરાશે.ઉલ્લેખનીય છે કે, આ હોસ્પિટલના પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય આણંદ જિલ્લાના અંદાજિત ૨૪ લાખ લોકોને અત્યાધુનિક તબીબી સેવાઓ પહોંચાડવાનો અને દર્દીઓની આરોગ્ય સુખાકારીને પ્રાથમિકતા આપવાનો છે. આણંદ જિલ્લા મથક ખાતે નિર્માણ પામનાર આ જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલનો આણંદ,ઉમરેઠ, સોજિત્રા, પેટલાદ, બોરસદ, આંકલાવ,તારાપુર અને ખંભાત સહિત સમગ્ર આણંદ જિલ્લાના રહેવાસીઓને લાભ મળશે.

### જાપાનમાં વસતીની વધતી વયને લીધે આર્થિક સંકટ વધ્યું

# મોટી વયની વસતી વધતા જાપાન અન્ય દેશના લોકોને તક આપે છે

## ૨૦૧૨માં જાપાનનું અર્થતંત્ર ૬.૩ લાખ કરોડ ડોલર હતું જે ઘટ્યું

ટોક્યો, તા.૨૧

વિશ્વમાં કુલ ૧૯૭ દેશ છે. જેમાંથી અમુક દેશની અર્થવ્યવસ્થા ખૂબ જ સારી છે તો અમુકની કફોડી હાલત છે. જો દેશની અર્થવ્યવસ્થા સારી હોય તો તે દેશનો વિકાસ થઈ રહ્યો છે એમ કહી શકાય છે. તેમજ જો દેશની અર્થવ્યવસ્થા ખોરવાઈ છે તો દેશમાં ગરીબીની સ્થિતિ સર્જાય છે. પરંતુ શું તમે જાણો છો કે જ્યારે અર્થવ્યવસ્થા જૂની થશે ત્યારે શું સ્થિતિ હશે અને ક્યાં દેશની અર્થવ્યવસ્થા ખૂબ જૂની છે. વૃદ્ધાવસ્થા તરફ આગળ વધતો દેશ જાપાન છે. જાપાનની મોટાભાગની વસ્તી વધતી ઉંમરના સંકટનો સામનો કરી રહી છે. જેની અસર દેશના આર્થિક વિકાસ પર પડી રહી છે. તેમજ જાપાનના લોકોની વધતી ઉંમર પણ એ દર્શાવે છે કે જાપાનની અર્થવ્યવસ્થા સૌથી જૂની અર્થવ્યવસ્થા છે. હાલમાં જ જાપાનમાં આવેલી મંદીના કારણે જાપાને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકેનું પોતાનું સ્થાન પણ ગુમાવ્યું હતું. આઈએમએફના આંકડા અનુસાર ૨૦૧૨માં જાપાનનું અર્થતંત્ર ૬.૩ લાખ કરોડ ડોલર હતું જે હવે ઘટી રહ્યું છે. સ્થાનિક ચલણ યેન અમેરિકન ડોલર સામે ૮૦ની સપાટીથી નબળો પડી અત્યારે ૧૪૦ પટકાતા, સરકાર અને સેન્ટ્રલ બેંકની નેગેટીવ વ્યાજ દર,એટલે કે બેંકમાં નાણા જમા કરાવવા માટે થાપણદારને ખર્ચ થાય એવી હોવાથી યેન સતત નબળો પડી રહ્યો છે. યેનની નબળાઈથી નિકાસ આધારિત અર્થતંત્ર ચાલી રહ્યું છે. જાપાનમાં વસતી ઘટી રહી છે, જન્મદર એકદમ નબળો છે એટલે વયસ્કની વસતી વિશ્વમાં સૌથી વધુ છે. દેશની ત્રીજા ભાગની વસતી ૬૫ વર્ષથી વધારે ઉંમર ધરાવે છે એટલે સ્થાનિક ખરીદી અને લોકોની ખરીદશક્તિ એકદમ ઓછી હોવાથી અર્થતંત્ર છેલ્લા એક દાયકાથી લગભગ ૦.૨ ટકાથી ૧ ટકા વચ્ચે જ વિકસી રહ્યું છે અને તેના કારણે અર્થતંત્રનું કદ ઘટયું છે.જાપાનના લોકોની વધતી ઉંમરના કારણે ત્યાંની સરકાર અન્ય દેશના લોકોને તક આપી રહી છે. જેનો લાભ ભારતીયો પણ ઉઠાવી રહ્યા છે. ભારતમાં એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૨૨ વચ્ચે જાપાન દ્વારા લગભગ ૩૮ બિલિયન યુએસ ડોલરના એફડીઆઈ કરવામાં આવ્યું છે. આ સાથે જ ભારત માટે જાપાન પાંચમો સૌથી મોટો રોકાણકાર દેશ બન્યો છે. તેમજ વર્ષ ૨૦૨૩માં જાપાનની અર્થવ્યવસ્થા ૧.૯ ટકાના દરે વૃદ્ધિ પામી છે. ભારતની અર્થવ્યવસ્થા જોઈએ તો હાલમાં આપણો દેશ યુવાન છે. અહીંની મોટાભાગની વસ્તી યુવાનોની છે. આ જ કારણ છે કે ભારત સૌથી ઝડપી વિકાસશીલ દેશોમાં પણ આગળ છે.

### એસ.ટી.ની બસ હવે વધારે હાઈટેક બનશે

# ૧૧ હજાર કર્મચારીઓની ગુજરાત સરકાર કાયમી ધોરણે કરશે ભરતી

## આગામી સમયમાં ડબલ ડેકર બસ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત સમગ્ર રાજ્યમાં દોડતી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૧

સરકારી નોકરીની રાહ જોતા યુવાનો માટે આવી ગઈ છે સોનેરી તક. ગુજરાત સરકારમાં એક સાથે લાંબા સમય પછી થઈ રહી છે આટલી મોટી સરકારી ભરતી. આ મોકો ચુકતા નહીં, ઝડપી લેજો તક. આ જાહેરાતની સાથે જ ફરી એકવાર ગુજરાતના યુવાનો માટે સરકારી નોકરીનો માર્ગ મોકળો થઈ ગયો છે. સરકારી નોકરીની રાહ જોતા, ખાસ કરીને ટેકનિકલ અભ્યાસ, આઈટીઆઈમાં અભ્યાસ કરીને આવી ભરતીની રાહ જોતા વિદ્યાર્થીઓ માટે પણ આ મોટી તક બની રહેશે. આજે વાહન વ્યવહાર મંત્રીએ વિધાનસભા ગૃહમાં અનેક મોટી જાહેરાતો કરી. જેમાંથી સૌથી મોટી જાહેરાત એ હતીકે, આગામી સમયમાં એટલેકે, ચાલુ વર્ષમાં જ ૨૦૨૪ના અંત સુધીમાં ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ અંતર્ગત આવતા એસ.ટી. વિભાગમાં ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિક સહિત અલગ અલગ વિભાગોમાં કુલ ૧૧ હજાર કરતા વધારે કર્મચારીઓની કાયમી ધોરણે ભરતી કરવામાં આવશે. ચાલુ વર્ષના અંત સુધીમાં જ સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.ગુજરાત વિધાનસભામાં વિભાગ અંગે પૂછાયેલાં સવાલના જવાબમાં વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરી છે. ખાસ કરીને હર્ષ સંઘવીએ એવી પણ જાહેરાત કરી છેકે, આગામી સમયમાં ગુજરાતભરમાં લગભગ ૮ હજાર કરતા પણ વધારે એસ.ટી.બસના નવા રૂટ શરૂ કરવામાં આવશે. એટલું જ નહીં પ્રાયોગિક ધોરણે નજીકના સમયમાં જ ૨ હજાર રૂટ શરૂ કરી દેવામાં આવશે. મુસાફરોની સુખાકારીનું ધ્યાન રાખીને આ નિર્ણય લેવાયો છે. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, એસ.ટી.નિગમના મૃત્યુ પામેલા કર્મચારીઓ ના આશ્રિતો માટે પણ સરકારે કામગીરી કરી રહી છે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુંકે, આગામી સમયમાં ડબલ ડેકર બસ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત સમગ્ર રાજ્યમાં દોડતી કરવામાં આવશે. સમગ્ર ગુજરાત રાજ્યમાં એસ.ટી.ની ડબલ ડેકર બસો દોડતી થશે. મુસાફરોની સુખાકારીમાં વધારો કરવાનો અમારો પ્રયાસ રહેશે. આગામી પાંચ દિવસમાં નવી ૫૦૦ એસ.ટી.બસો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવશે. વિધાનસભાના દરેક ધારાસભ્ય નો એક અઠવાડિયામાં બે રૂટ માંગે ત્યાં આપવાની જાહેરાત કરવામાં આવી. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું છેકે, એસ.ટી.નિગમ નુકસાન માંથી નફામાં આવ્યો છે. એસટીની સેવા વધી તેનાથી નુકસાનીમાંથી નફામાં આવ્યું છે. આ નફો હવે મુસાફરો ને વધુ ઉપયોગી સેવા આપવામાં વપરાશે. દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય ગુજરાત બન્યું છે જેમાં એસ ટી બસના મુસાફરો મા વધારો થયો છે. ગુજરાત માં ૨૫ લાખ મુસાફરો માથી ૨૭ લાખ મુસાફરો પ્રવાસ કરતા થયા છે.વધુમાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતુંકે, નફાના પૈસાની સરકાર ને જરૂર નથી આ નાણાનો મુસાફરીની સુખાકારી માટે ઉપયોગ કરવામાં આવશે. ય્જીઇ્‌ઝ ની તમામ બસોમા આગામી ૩ મહિના મા ક્યુઆર મશીન થી ટીકીટ ખરીદી શકાશે. અગાઉ ૨૫ લાખ મુસાફરો એસટી નો ઉપયોગ કરતા હતા તે આજે ૨૭ લાખ લોકો ઉપયોગ કરે છે. રાજ્યના નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ નું નવું નામકરણ શેઠ ભાભાસા ગૃહમાં કરવામાં આવ્યું વાહન વ્યવહાર અને ગૃહ વિભાગ ની માગણી નો જવાબ આપતા? મંત્રી હર્ષ સંઘવી એ નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ ની કામગીરી આને દરિયાદિલી ને બિરદાવી હતી.

રશિયા-યુક્રેનના વિવાદોને ઉકેલવા મુદ્દે મહત્વના સંકેત

# ભારત રશિયા-યુક્રેન વિવાદના ઉકેલમાં મધ્યસ્થતા માટે તૈયાર છે : જયશંકર

## આ મામલે ભારત પોતાના તરફથી કોઈ પગલું નહીં ભરે એવી પણ ભારતના વિદેશ પ્રધાન જયશંકરની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૨૧

રશિયા-યુક્રેનના વિવાદોને ઉકેલવા મુદ્દે વિદેશ મંત્રી એસ. જયશંકરે મોટું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રીએ સંકેત આપ્યો છે કે, જો જરૂર પડી તો ભારત રશિયા અને યુક્રેન વચ્ચેના વિવાદોના ઉકેલ માટે મધ્યસ્થતા કરવા માટે તૈયાર છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે આ મામલે ભારત પોતાના તરફથી કોઈ પગલું નહીં ભરશે.

એક જર્મન અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયા-યુક્રેન વિવાદ વચ્ચે મધ્ય પૂર્વમાં ભારતના ઉર્જા સપ્લાયરોએ પેટ્રોલિયમ ઉત્પાદનોના સપ્લાય માટે યુરોપને પ્રાથમિકતા આપી છે. યુરોપે આ ઉત્પાદનો માટે વધુ ચૂકવણી કરી છે. આવી સ્થિતિમાં ભારત પાસે રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.

જયશંકરે કહ્યું કે, ભારતે રશિયા સાથે પોતાના આર્થિક સંબંધોનો વિસ્તાર કર્યો છે. તેમણે કહ્યું કે, રશિયાએ ક્યારેય ભારતના હિતોનું ઉલ્લંઘન નથી કર્યું અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો સ્થિર અને મૈત્રીપૂર્ણ છે. તેમણે આગળ કહ્યું કે, બીજી તરફ ચીન સાથે રાજનીતિક અને સૈન્ય સંબંધો કંઈ ખાસ નથી. જયશંકરે આગળ કહ્યું કે, ભારત રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, તમામ લોકો આ સંઘર્ષથી પરેશાન છે. મને નથી ખબર કે તેને કેવી રીતે સમાપ્ત કરવું. યુક્રેનમાં રશિયન સૈન્યના હસ્તક્ષેપ છતાં રશિયા સાથે સૈન્ય સંબંધો પર સવાલ કરતા જયશંકરે કહ્યું કે, ઈતિહાસ પર નજર કરીએ તો રશિયાએ ક્યારેય અમારા હિતોને નુકસાન નથી પહોંચાડ્યું. યુરોપ, અમેરિકા, ચીન કે જાપાન સાથે રશિયાના સંબંધોમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે.

જયશંકરે ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીને પણ યોગ્ય ઠેરવ્યું છે. તેમણે કહ્યું કે, જ્યારે યુક્રેનમાં લડાઈ શરૂ થઈ ત્યારે યુરોપે તેની ઉર્જા ખરીદીનો મોટો હિસ્સો મધ્ય પૂર્વમાં શિફ્ટ કરી દીધો હતો ત્યાં સુધી તે ભારત અને અન્ય દેશો માટે મુખ્ય સપ્લાયર હતો. આ બાબતે અમે શું કરી શકતા હતા? મધ્યપૂર્વે યુરોપને પ્રાથમિકતા આપી હતી. યુરોપે તેમને વધુ ચૂકવણી કરી. તેમણે આગળ કહ્યું કે તે સમયે કાં તો અમારી પાસે કોઈ ઊર્જા ન હોત કારણ કે બધું તેની પાસે ચાલ્યુ ગયું હોત. અથવા અમારે ખૂબ વધારે ચૂકવણી કરવી પડત કારણ કે યુરોપ વધુ ચૂકવણી કરી રહ્યું હતું.

મહિલાઓના હિતમાં સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# લગ્નના આધાર પર કોઈને નોકરીમાંથી છૂટા ન કરી શકાય : સુપ્રીમ કોર્ટ

## ૨૬ વર્ષ પહેલા એક મહિલા અધિકારીને તેના લગ્ન થઈ ગયા હોઈ નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે મહિલાઓના હિતમાં મોટો ચુકાદો આપ્યો છે. ૨૬ વર્ષ જૂના કેસમાં સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, લગ્નના આધાર પર કોઈને નોકરીમાંથી છૂટા ન કરી શકાય. આજથી ૨૬ વર્ષ પહેલા લગ્નના આધાર પર એક મહિલા અધિકારીને માત્ર એટલા માટે નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી કારણ કે, તેના લગ્ન થઈ ગયા હતા.હવે સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી કરતા મહિલાના હિતમાં ચુકાદો આપ્યો છે. કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, આ પ્રકારનો નિયમ ખૂબ જ મનસ્વી હતો. મહિલાના લગ્ન થઈ જવાના કારણે તેને નોકરીમાંથી છૂટી કરી દેવી એ લિંગ ભેદભાવ અને અસમાનતા છે. આ મામલે સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, લગ્નના આધાર પર કોઈ પણ મહિલાઓને નોકરીમાંથી છૂટી ન શકાય. મહિલા કર્મચારીઓને લગ્નના આધાર પર પોતાના અધિકારથી વંચિત ન રાખી શકાય. તેને આધાર બનાવનારા નિયમો ગેરબંધારણીય છે. આ નિયમો પિતૃસત્તાક છે જે માનવ ગરિમાને નબળી પાડે છે. આવા નિયમો નિષ્પક્ષ વ્યવહારના અધિકારને નબળા પાડે છે. આટલું જ નહીં કોર્ટે કેન્દ્ર સરકારને લગ્નના આધાર પર નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવેલ સૈન્ય નર્સિંગ ઓફિસરને ૬૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. અરજદાર સેલિના જોન છેલ્લા ૨૬ વર્ષથી પોતાના અધિકાર માટે કાનૂની લડાઈ લડી રહી હતી. હવે કોર્ટના નિર્ણય સાથે તેમની લડાઈનો અંત આવ્યો છે. તેમની જીત થઈ છે અને અન્ય મહિલાઓને પણ અધિકાર મળ્યો છે. સૈન્ય નર્સિંગમાં સેવા આપતા સેલિના જોનને કોઈપણ કારણ બતાવો નોટિસ આપ્યા વિના નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી. તે આર્મી હોસ્પિટલમાં તાલીમાર્થી તરીકે સામેલ થઈ હતી. તેમને એનએમએસમાં લેફ્ટનન્ટના પદ પર કમિશન આપવામાં આવ્યું હતું.ત્યારબાદ તેમણે એક સેના અધિકારી મેજર વિનોદ રાઘવન સાથે લગ્ન કર્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે ૨૬ વર્ષ બાદ તેને લિંગ ભેદભાવનો મામલો ગણાવ્યો છે અને મહિલાના હિતમાં નિર્ણય સંભળાવ્યો છે.

પન્નુએ આ અંગે ઝારખંડના નક્સલવાદીઓને ઉશ્કેર્યા

# પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી

## પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ : પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે

રાંચી, તા.૨૧

ઝારખંડની રાજધાની રાંચીમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ચોથી ટેસ્ટ અગાઉ ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી છે. તેણે આ અંગે ઝારખંડના નક્સલવાદીઓને ઉશ્કેર્યા છે. પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ. આ મામલે રાંચીના ધુર્વા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

નક્સલવાદીઓના નામે જાહેર કરવામાં આવેલા વીડિયોમાં તેણે કહ્યું છે કે રાંચીનું જેએસસીએ સ્ટેડિયમ આદિવાસીઓની જમીન પર બનેલું છે. મેચ આદિવાસીઓની જમીન પર ન રમાવી જોઈએ. પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે. તેણે માઓવાદીઓને રાંચીમાં યોજાનારી ટેસ્ટ મેચ રદ કરાવવા માટે ઝારખંડ અને પંજાબમાં હંગામો કરવા કહ્યું છે. પન્નુએ યુટ્યુબ દ્વારા ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા અને ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સને પણ ધમકી આપી છે. તેણે ઈંગ્લેન્ડના કેપ્ટનને ભારત પ્રવાસ કેન્સલ કરીને ટીમ સાથે પરત ફરવાનું પણ કહ્યું હતું. પન્નુની ધમકી મળ્યા બાદ ઝારખંડ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. સ્ટેડિયમથી લઈને હોટલ સુધી કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એરપોર્ટથી હોટલ સુધી દરેક ખૂણે પોલીસ તૈનાત છે. એરપોર્ટને પણ સિક્યોરિટી કોર્ડન હેઠળ લેવામાં આવ્યું છે.

નોંધનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુનો જન્મ ૧૪ ફેબ્રુઆરી ૧૯૬૭ના રોજ પંજાબમાં થયો હતો. તેના માતા-પિતા મૃત્યુ પામ્યા છે જ્યારે એક ભાઈ વિદેશમાં રહે છે. ક્યારેક કેનેડામાં તો ક્યારેક અમેરિકામાં રહીને તે ત્યાં રહેતા હિન્દુઓને ખુલ્લેઆમ ધમકીઓ આપી રહ્યો છે. પન્નુએ પંજાબ યુનિવર્સિટી, ચંડીગઢમાંથી કાયદાનો અભ્યાસ કર્યો છે. હાલમાં તે અમેરિકામાં કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યો છે. પન્નુએ ૨૦૦૭માં 'શીખ ફોર જસ્ટિસ' નામનું સંગઠન બનાવ્યું હતું. જુલાઈ ૨૦૨૦માં ભારતે પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતીય જાસૂસી સંસ્થાનો દાવો છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે તે ભારતમાં હથિયારોની દાણચોરી અને હિંસક ગતિવિધિઓને અંજામ આપે છે.

યુપીની ૮૦ બેઠકો માટે કોંગ્રેસ-સપા વચ્ચે સમજૂતી

# કોંગ્રેસ-સપાએ હાથ મિલાવતા યુપીમાં ભાજપને ટક્કર મળશે

## કોંગ્રેસ સાથેના વિવાદને ઉકેલી લેવાનો અખિલેશ યાદવનો આ નિર્ણય માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૧

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે છેલ્લા કેટલાક દિવસોથી 'સીટ શેરિંગ'ને લઈને સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે વાતચીત ચાલી રહી હતી, જેમાં કોઈ નિર્ણય લેવાયો ન હતો. ત્યારે હવે મળતા અહેવાલ મુજબ બંને પક્ષો સમજૂતી થઈ ગઈ છે અને લોકસભાની ચૂંટણી એકસાથે લડશે. આ સાથે બેઠકોની વહેંચણી આજે સાંજ સુધીમાં જાહેર કરવામાં આવશે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ વાતની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો આવેલી છે. જેના પર ભાજપનું પલડું ભારે મનાય છે. જોકે આ વખતે વિપક્ષ એકજૂટ થતાં મત વિભાજન થવાની શક્યતાઓ ઓછી થઈ જવાને કારણે એનડીએ અને નવા રચાયેલા ઈન્ડિયાગઠબંધન વચ્ચે મજબૂત ટક્કર જોવા મળી શકે છે. એટલા માટે જ છેવટે કોંગ્રેસ સાથેના વિવાદને ઉકેલી લેવાનો અખિલેશ યાદવનો આ નિર્ણય માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે.

નોંધનીય છે કે એક દિવસ પહેલા જ સમાચાર આવ્યા હતા કે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને કોકડુ ગૂંચવાયું છે અને સ્થાનિક બેઠકોની વહેંચણી અંગે વાત બની રહી નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અખિલેશ યાદવ મુરાદાબાદ, બલિયા અને બિજનૌરની બેઠકો કોંગ્રેસને આપવા તૈયાર ન હતા. તો બીજી તરફ કોંગ્રેસ પોતાના પ્રદેશ અધ્યક્ષ અજય રાય માટે બલિયા બેઠક પર દાવ લગાવવા માંગતી હતી, જે બેઠકને સમાજવાદીનો ગઢ માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સમાજવાદી પાર્ટીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મુરાદાબાદ બેઠક પર જીત મેળવી હતી. મુરાદાબાદમાં મેયરની ચૂંટણીમાં કોંગ્રેસ બીજા ક્રમે રહી હતી અને નજીવા માર્જિનથી હારી ગઈ હતી.સમાજવાદી પાર્ટીએ ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધીમાં ત્રણ યાદી જાહેર કરી છે, જેમાં ૩૨ ઉમેદવારોની જાહેરાત કરી છે. પ્રથમ યાદી ૩૦ જાન્યુઆરીએ આવી હતી. જેમાં ૧૬ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી. સપાની બીજી યાદીમાં વધુ ૧૧ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં મુખ્તાર અંસારીના ભાઈ અને મ્જીઁના સાંસદ અફઝલ અન્સારીનું નામ પણ સામેલ છે. આ ઉપરાંત ત્રીજી યાદીમાં ૫ ઉમેદવારોના નામ હતા, જેમા શિવપાલ યાદવને બદાઉનથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.અગાઉ સમાજવાદી પાર્ટીએ ઈન્ડિયાગઠબંધન હેઠળ કોંગ્રેસને ૧૭ બેઠકો પર ચૂંટણી લડવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો જેનો કોંગ્રેસે જવાબ ન આપતા અખિલેશ યાદવ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં સામેલ થયા ન હતા. અખિલેશે સોમવારે પત્રકારોના સવાલોના જવાબમાં કહ્યું હતું કે, સીટ શેરિંગ અંગે નિશ્ચિત નિર્ણય લેવાઈ જશે, પછી જ અમારો પક્ષ (રાહુલ ગાંધીની) ભારત જોડો ન્યાય યાત્રામાં જોડાશે.

યુઝવેન્દ્ર ચહલને રિલિઝ કરવા બાબતે મોટો ખુલાસો

# આરસીબી ચહલને હરાજીમાં ખરીદવા માગતી હતી : હેસન

## ચહલને રિલીઝ કરવા પાછળનું કારણ સમજાવવા ફોન કરવામાં આવ્યો હતો, તે નારાજ હતો અને વાત ન કરી

નવી દિલ્હી, તા.૨૧

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલ ૨૦૨૨માં સ્પિનર યુઝવેન્દ્ર ચહલને રિટેન કર્યો ન હતો અને તેને મેગા ઓક્શનમાં મોકલ્યો હતો. આ અત્યાર સુધીનો સૌથી ચોંકાવનારો નિર્ણય છે. કારણ કે ચહલ આઈપીએલઅને ટી૨૦આઈક્રિકેટમાં ભારતનો સૌથી સફળ બોલર છે. આરસીબીએ આવું કેમ કર્યું તે અંગે કોઈએ ક્યારેય કોઈ ખુલાસો કર્યો નથી. પરંતુ આઈપીએલ ૨૦૨૪ પહેલા આરસીબીના પૂર્વ ક્રિકેટ ડિરેક્ટર માઈક હેસને આ અંગે ઘણા ખુલાસા કર્યા છે. તેણે કહ્યું કે, ''ચહલને રિલીઝ કરવા પાછળનું કારણ સમજાવવા માટે વ્યક્તિગત ફોન કરવામાં આવ્યો હતો. તે નારાજ હતો અને તેણે વાતચીતમાં રસ દાખવ્યો ન હતો.હેસને કહ્યું, ''અમે મોટી બોલી લગાવીને ચહલને હરાજીમાં ખરીદવા માગતા હતા. હું તે જાણું છું કારણ કે આ બધા આયોજનમાં હું ટીમની સાથે હતો. મને યાદ છે કે પછી જ્યારે મેં ચહલને ફોન કર્યો ત્યારે તે નારાજ થઈ ગયો હતો. તે સમયે તેને હરાજીની ગતિશીલતા સમજાવવાનો પ્રયાસ કરવો ખૂબ મુશ્કેલ હતું. ચહલ ખૂબ જ દુખી હતો અને આવું થવું સ્વાભાવિક છે. તે આરસીબીના સૌથી મહત્વપૂર્ણ ખેલાડીઓમાંથી એક હતો અને તેને રિટેન કરવામાં આવ્યો ન હતો. પરંતુ હું દરેકને ખાતરી આપી શકું છું કે તે સમયે અમે જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા તેનાથી તેઓ સારી રીતે વાકેફ હતા.''હેસને આગળ કહ્યું, ''મેં ચહલ સાથે વાત કરી હતી જ્યારે અમે પ્રારંભિક રિટેનશન કર્યું હતું અને અમે માત્ર ત્રણ ખેલાડીઓને રિટેન કરી રાખ્યા હતા કારણ કે અમને લાગ્યું કે અમે હરાજીમાં હર્ષલ પટેલ અને ચહલ બંનેને પાછા ખરીદવાનો પ્રયાસ કરવા માગતા હતા. પરંતુ મેગા ઓક્શનને કારણે મામલો થોડો જટિલ બન્યો હતો. આઈપીએલના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક હોવા છતાં તેને માર્કી ખેલાડીઓની યાદીમાં સ્થાન મળ્યું ન હતું. તેનું નામ ૬૪ ખેલાડીઓ બાદ હરાજીમાં આવ્યું છે. તેનો અર્થ એ થયો કે અમે તેને ખરીદીશું કે નહીં તેની ખાતરી આપવી અમારા માટે ખરેખર મુશ્કેલ હતું. આ કારણે આરસીબીએ હર્ષલને ખરીદ્યો, પરંતુ ચહલને રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો. તેના સ્થાને આરસીબીએ શ્રીલંકાના ઓલરાઉન્ડર વાનિન્દુ હસરંગાને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.''

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય

# સપ્તાહમાં ચાર પોર્ટલ લોન્ચ થશે, સરકારી વીડિયો-માહિતી શેર કરાશે

## આ એક એવું પોર્ટલ હશે જ્યાં સરકાર દ્વારા તમામ જાહેરાત સ્વિકારશે અને એક જ જગ્યાએ તમામ માહિતી મળી જશે

નવી દિલ્હી, તા.૨૧

સરકાર દ્વારા ઓનલાઈન પોર્ટલ પર ખૂબ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સમય-સમય પર સરકાર અનેક નવી વેબસાઈટ અને પોર્ટલ લાવી રહી છે. હવે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા પણ આવો જ એક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે મંત્રાલય દ્વારા આ અઠવાડિયે ૪ ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવશે. તેના પર સરકાર દ્વારા તૈયાર થતાં વીડિયો અને માહિતી શેર કરવામાં આવશે.આ પહેલી વખત નથી જ્યારે સરકાર દ્વારા આ સ્ટેપ લેવામાં આવ્યું હોય. સાયબર ક્રાઈમ રોકવાથી લઈને માહિતી શેર કરવા સુધી સતત ભારત સરકાર દ્વારા નવા પગલા ભરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાને ધ્યાનમાં રાખી માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા હવે વધુ એક પગલું ભરવામાં આવ્યું છે. તેના દ્વારા જનતાને પણ સરકારની પોલિસી અંગે સ્પષ્ટતા મળશે. આ પોર્ટલ પર યુટ્યુબની જેમ જ વીડિયો અપલોડ કરવામાં આવશે અને કોઈ પણ યૂઝર આ પોર્ટલ પર જઈને જોઈ શકશે.એક રીતે આ સરકારનું અખબાર જ હશે. આ ઉપરાંત આ એક એવું પોર્ટલ છે જ્યાં સરકાર દ્વારા તમામ જાહેરાત સ્વીકાર કરવામાં આવશે અને એક જ જગ્યાએ તમામ માહિતી મળી જશે. તેના લોન્ચિંગને લઈને ઘણી માહિતી સામે આવી ચૂકી છે. હવે તેને માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર દ્વારા લાઈવ કરવામાં આવશે એટલે કે તેની સત્તાવાર જાહેરાતની જ રાહ જોવાઈ રહી છે.નેશનલ વીડિયો ગેટવે ઓફ ભારત પર તમને તમામ પ્રકારના વીડિયો મળશે. સરકાર દ્વારા ક્રિએટ થતાં વીડિયોને તેના પર લાઈવ કરવામાં આવશે. આવી સ્થિતિમાં સરકારનું આ મોટું પ્લેટફોર્મ છે. હાલમાં તેના પર લગભગ ૨,૫૦૦ વીડિયો છે જે સરકાર તરફથી માહિતી આપવાના હેતુથી ક્રિએટ કરવામાં આવ્યા છે.

માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા રાહતના સમાચાર

# ડ્રાઈવિંગ, લર્નિંગ અને કંડક્ટર લાઈસન્સની માન્યતા ૨૯ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

## જે લાઈસન્સ ધારકોની માન્યતા ૩૧ જાન્યુઆરી અને ૧૫ ફેબ્રુઆરી વચ્ચે પૂરી થઈ છે તેમના માટે રાહતના સમાચાર

નવી દિલ્હી, તા.૨૧

જેમના ડ્રાઈવિંગ લાઈસન્સ, લર્નર લાઈસન્સ અને કંડક્ટર લાઈસન્સની વેલિડિટી પૂરી થવા આવી હોય તેવા લોકોને માર્ગ પરિવહન મંત્રાલયે મોટી રાહત આપી છે. માહિતી પ્રમાણે જે લાઈસન્સ ધારકોની માન્યતા ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ વચ્ચે પૂરી થઈ ગઈ છે, તેમના માટે લાઈસન્સની વેલિડિટી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. માર્ગ પરિવહન મંત્રાલય અને હાઈવે મંત્રાલયે આ બાબતે સર્કુલર બહાર પાડી માહિતી આપી છે.

માર્ગ પરિવહન મંત્રાલય અને હાઈવે મંત્રાલય એ સર્કુલરમાં જણાવ્યું છે કે સારથી પોર્ટલ (https://sarathi. parivahan. gov. in) માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કારણોને લીધે અરજીકર્તાઓને ૩૧ જાન્યુઆરીથી લઈને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન લાઈસન્સ રિલેટેડ સર્વિસ મામલે કેટલીક મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સર્કુલર મુજબ આરટીઓ ઓફિસમાં ભીડ ઓછી કરવા અને સર્વિસને ચાલુ રાખવા માટે આ પોર્ટલ પર ઓનલાઈન સર્વિસને આંશિક રુપે નાગરિકો માટે ડિસેબલ કરી દેવામા આવી હતી જેથી કરીને આરટીઓ ઓવરલોડ વગર કામ કરી શકે. આંશિક રીતે ઓનલાઈન સેવાઓ બંધ કરવાના કારણે અરજદારો ફી ભરી શકતાં નથી, ડ્રાઈવિંગ લાઈસન્સને રિન્યુએબલ જેવી સેવાઓ માટે અરજી કરવા, લર્નર લાઈસન્સ માટે સ્લોટ બુક કરવો અને ડ્રાઈવિંગ સ્કિલ ટેસ્ટ માટે અરજી કરી શકતા નહોતા.

નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે કરીને માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે લર્નર લાઈસન્સ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને કંડક્ટર લાઈસન્સની માન્યતા ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ વચ્ચે પૂરી થઈ ગઈ છે તેમને તારીખ ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી કોઈપણ જાતની પેનલ્ટી વસુલવામાં નહીં આવે. તેમજ અમલીકરણ અધિકારીઓને પણ સલાહ આપવામાં આવી છે કે આવા દસ્તાવેજોને તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪સુધી માન્ય રાખે.

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાની ગંભીર ઘટના

# ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ ખાધા બાદ ૩૦૦થી વધુ લોકો બિમાર

## હોસ્પિટલમાં બેડની અછત હોવાથી તેમની રોડ પર જ સારવાર, દોરડા બાંધી ગ્લુકોઝની બોટલો લટકાવાઈ

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ ખાધા બાદ ૩૦૦થી વધુ લોકો બીમાર પડ્યા છે. આ ઘટનાની જાણ થતાં જ તુરંત એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તેમને તુરંત હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલમાં બેડની અછત હોવાથી તેમની રોડ પર જ સારવાર કરવાની નોબત આવી છે. હાલ ત્યાં રોડ પર જ દોરડા બાંધી ગ્લુકોઝની બોટલો લટકાવી દર્દીઓની સારવાર ચાલી રહી છે.

બુલઢાણા જિલ્લાના કલેક્ટર કિરણ પાટીલે જણાવ્યું છે કે, જિલ્લાના લોનારના સોમથાન ગામમાં સાત દિવસના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં છેલ્લા દિવસે મહિલાઓ અને બાળકો સહિત ૩૦૦થી વધુ લોકોએ પ્રસાદ આરોગતા ફૂડ પૉઈઝનિંગનો શિકાર બન્યા છે. હોસ્પિટલમાં બેડની અછત હોવાથી ઘણા દર્દીઓની રોડ પર સારવાર કરવામાં આવી છે અને ઝાડ પર દોરડા બાંધી ગ્લુકોઝની બોટલ લટકાવીને સારવાર અપાતી હોવાની તસવીરો સામે આવી છે.

મળતા અહેવાલો મુજબ ગઈકાલે રાત્રે ૧૦ કલાકે સોમથાના અને ખાપરખેડ ગામના શ્રદ્ધાળુઓ મંદિરમાં પ્રસાદ લેવા આવ્યા હતા. પ્રસાદ આરોગ્યા બાદ તેમને પેટમાં દુઃખાવો, ઉબકા-ઉલટીની ફરિયાદ કરી હતી. ત્યારબાદ તેમને તુરંત ગામમાં આવેલી હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ત્યાં બેડની અછતના કારણે મોટાભાગના દર્દીઓની રોડ પર સારવાર કરવાની નોબત આવી હતી. જિલ્લા કલેક્ટરે કહ્યું કે, તમામ દર્દીઓની હાલત સ્થિર છે અને તેમાંથી મોટાભાગના દર્દીઓને બુધવારે જ રજા આપી દેવાઈ છે. ઘટનાસ્થળે તાત્કાલીક સારવારની જરૂરીયાત ઉભી થવાના કારણે ડૉક્ટરની એક ટીમને એમ્બ્યુલન્સ અને અન્ય જરૂરી સાધનો સાથે મોકલી દેવાયા છે. પ્રસાદના નમૂના તપાસ અર્થે લેબોરેટરી મોકલાયા છે અને તપાસ શરૂ કરી દેવાઈ છે.

શેરબજારમાં તેજીને બ્રેક વાગી

# સેન્સેક્સમાં ૪૩૪, નિફ્ટીમાં ૧૪૨ પોઈન્ટનો કડાકો જોવાયો

## શેરબજારના ટોપ ગેનર્સમાં ટાટા સ્ટીલ, એસબીઆઈ, જેએસડબલ્યુ સ્ટીલ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરનો સમાવેશ

નવી દિલ્હી, તા.૨૧

લગભગ ૬ દિવસના ઉછાળા બાદ બુધવારે શેરબજાર નુકસાનમાં બંધ થયું. બુધવારે શેરબજાર ૪૩૪ પોઈન્ટ ઘટીને ૭૨,૬૨૩ પોઈન્ટના સ્તરે બંધ થયું હતું, જ્યારે નિફ્ટી ૧૪૨ પોઈન્ટ ઘટીને ૨૨૦૫૫ પોઈન્ટના સ્તરે બંધ થયું હતું. શેરબજારના ટોપ ગેનર્સમાં ટાટા સ્ટીલ, એસબીઆઈ, જેએસડબલ્યુ સ્ટીલ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરનો સમાવેશ થાય છે, જ્યારે શેરબજારના ટોપ લુઝર્સમાં બીપીસીએલ, કોલ ઈન્ડિયા, હીરો મોટોકોર્પ અને એનટીપીસીના શેરનો સમાવેશ થાય છે. સેક્ટર મુજબ મીડિયા ટોપ લુઝર્સમાં છે. બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૮ના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. એફએમસીજીજાયન્ટ અદાણી વિલ્મરમાં મહત્તમ નબળાઈ નોંધાઈ હતી જ્યારે અદાણી ટોટલ ગેસ નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો.

બુધવારે શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. જો આપણે શેરબજારના ટોપ લુઝર્સની વાત કરીએ તો તેમાં ઉર્જા ગ્લોબલ, ઓમ ઈન્ફ્રા, એનએમડીસી લિમિટેડ, એન્જિનિયર્સ ઈન્ડિયા, યુનિ પાર્ટ્સ લિમિટેડ, લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસીલાઈફ ઈન્સ્યોરન્સ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, યુપીએલ, કામધેનુ લિમિટેડ, એચડીએફસીબેંકનો સમાવેશ થાય છે. , કોટક મહિન્દ્રા.બેંક, પટેલ એન્જીનીયરીંગ અને હિન્દુસ્તાન ઝિંકના શેર સામેલ હતા.

જિયો ફાઈનાન્શિયલ, ટાટા સ્ટીલ, પંજાબ એન્ડ સિંધ બેંક, બ્રાન્ડ કોન્સેપ્ટ, દેવયાની ઈન્ટરનેશનલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને આઈસીઆઈસીઆઈ બેંકના શેર બુધવારે વધતા શેરોમાં હતા. શેરબજારના કામકાજમાં ઉતાર-ચઢાવની વચ્ચે SBI, મહિન્દ્રા, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈબેંક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર પર સપ્તાહની ટોચની નજીક પહોંચી ગયા છે. વ્હર્લપૂલ ઈન્ડિયા અને પોલીપ્લેક્સ કોર્પના શેર પર સપ્તાહની નીચી સપાટીએ કામ કરી રહ્યા હતા.

બુધવારે નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈસ્મોલ કેપ, નિફ્ટી આઈટી, નિફ્ટી બેન્ક, નિફ્ટી ઓટો, નિફ્ટી ફાર્મા અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસ ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી, જ્યારે નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો.

# અમરેલી : શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલમાં વાર્ષિકોત્સવ ‘કૌશલ્યમ્’ની ઉજવણી કરાઈ



અમરેલી ખાતે જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલનાં વાર્ષિકોત્સવ ''કૌશલ્યમ''ની શાનદાર ઉજવણી પ્રસંગે પૂજયશ્રી ભકિતરામબાપુ ભોજલરામ ધામ, ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ, શાળાના પૂર્વ વિદ્યાર્થી નિલાંબરીબેન દવે, ભાવનગરના આસી. કમિશનર, આઈબી સેલના ડીવાયએસપી મનિષભાઈ ઠાકર, સિન્ડીકેટ મેમ્બર પાર્થિવભાઈ જોષી, નોર્વેજીયન કંપની મુંબઈના ડાયરેકટર નિરવભાઈ કવિશ્વર, અશ્વિનભાઈ સાવલીયા, જાણીતા ઉદ્યોગપતિ જયવંતભાઈ ફિણાવા, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, કેતનભાઈ ધોળકીયા નિલકંઠ જવેલર્સ, ડો. હિનાબેન ગાંધી, શરદભાઈ પંડયા, મેહુલભાઈ ધોરાજીયા, ડી.જી. મહેતા, તુષારભાઈ જોષી, જિલ્લા શિક્ષણાધિકારી મનોહસિંહ ગોહિલ, જી.એમ. સોલંકી, આશિષભાઈ જોષી, શાળાના ટ્રસ્ટી હિરેનભાઈ વિઠ્ઠલાણી, પૂર્વીબેન સાકરીયા, દિવ્યેશભાઈ સાકરીયા વગેરેની ઉપસ્થિતિ સાથે દિપ પ્રાગટય કરીને શાળાના આચાર્ય રોહિતભાઈ મહેતાએ શાબ્દીક સ્વાગત કરીને આવકારેલ હતા. આ સાથે શાળાના સુપરવાઈઝર બેન ઈલાબેન ત્રિવેદી ધ્વારા રચીત ''રામગાથા'' નૃત્ય નાટીકાની બાળાઓ ધ્વારા જોરદાર પ્રસ્તૃતિ સાથે જુદી–જુદી કૃતિઓ રજૂ કરાઈ. આ સાથે શાળાના પ્રતિભાશાળી નેશનલ ગોલ્ડ મેડાલીસ્ટ વિદ્યાર્થીઓને સન્માનીત કરાયા હતા. પ્રતિભા સંપન્ન આચાર્યનું ટ્રસ્ટીઓએ મોમેન્ટો, શાલ અર્પણ કરીને સન્માનીત કરેલ તેમજ શાળા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ ઈલાબેન ત્રિવેદીને અપાયો. સાથો સાથ જસ્મીનાબેન, નિલેશભાઈ ઝાલા, હિરેનભાઈ જાદવ, રાહુલભાઈ, રિમાબેન જેઠાને એવોર્ડ અર્પણ કરીને સન્માનીત કરાયા હતા. શાળામાં વય મર્યાદા નિવૃત્તિ સન્માન જયોત્સનાબેનને શુભેચ્છા પાઠવેલ. આ સાથે શાળાની એસએસસી, એચએસસી બોર્ડની આગામી પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવેલ. આ તકે દિલીપભાઈ સંઘાણી, પૂર્વીબેન સાકરીયા, હિરેનભાઈ વિઠલાણી, નિરવભાઈ કવિશ્વરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને માર્ગદર્શીત કરીને પોતાના શિક્ષણ ક્ષેત્રના અનુભવો વર્ણવેલા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. જસ્મીનાબેન ખંધેડિયાએ કરેલ હતું. આ વાર્ષિકોત્સવને શાળાના તમામ કર્મચારીઓએ ખૂબ જ જહેમત કરીને સફળ બનાવેલ.

પાના ૧ ઉપરનું ચાલું
## આંબરડીમાં પુનઃ સિંહણે

અને સિંહના બચ્ચાં હાલ એકાદ માસના થઈ ગયા હોવાનું નજરે જોનારા લોકોએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સતત એક માસ જેટલા સમયથી આ સિંહણે આંબરડી ગામના ચોટલી ધાર નામના રેવન્યુ વિસ્તાર નજીક પોતાનો વસવાટ શરૂ કર્યો છે. ત્યારે સિંહણ દ્વારા સતત ગામમાં આવી ચડી શિકાર કરતી નજરે પડે છે તો કયારેક ખુલ્લા ખેતરોમાં આંટા ફેરા કરતી હોવાથી ખેડૂતો અને ખેત મજૂરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.ગઈકાલે મંગળવારની રાત્રિએ સિંહણ પ્રથમ આંબરડી ગામના બસ સ્ટેન્ડમાં શિકાર માટે આવી હતી પરંતુ ગાયોમાં ભાગમભાગ મચી જતાં સિંહણ પ્લોટ તરફ ભણી જઈ શેરીઓમાં ચક્કર લગાવતા લોકોએ સિંહણને નિહાળી હતી. મહત્વની બાબત તો એ છે કે સિંહણ આજે કપાસના વાવેતરમાં બેઠી હતી ત્યારે કપાસ વીણતા મજૂરો પણ મજૂરી કામ છોડી ઘર તરફ પલાયન થઈ ગયા હતા.ત્યારે આંબરડી ગામમાં સિંહના અવાર–નવાર ગામમાં ઘૂસી આવવાના બનાવથી ગ્રામજનોમાં અને ખેત મજૂરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૨૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૦ | ૧૨૬૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૫ | ૧૨૯૫ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૫૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૩૨૩૫ |
| ૫ | તલ કાળા | ૨૮૯૦ | ૨૮૯૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૯૦૦ | ૪૦૯૭ |
| ૭ | બાજરો | ૪૫૮ | ૪૯૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૨ |
| ૧૦ | મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| ૧૧ | અડદ | ૧૩૩૦ | ૧૮૨૫ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૧૪૭ |
| ૧૩ | ચણા દેશી | ૯૨૫ | ૧૪૨૫ |
| ૧૪ | તુવેર | ૧૧૭૦ | ૧૮૯૯ |
| ૧૫ | વાલ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ૧૬ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૬ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૦૯૮ |
| ૧૮ | જીરૂ | ૨૧૭૫ | ૬૧૮૦ |
| ૧૯ | રાયડો | ૮૩૮ | ૮૯૪ |
| ૨૦ | ધાણા | ૧૧૫૧ | ૧૭૧૫ |
| ૨૧ | ધાણી | ૧૨૯૦ | ૨૭૦૦ |
| ૨૨ | અજમા | ૨૩૭૫ | ૨૮૭૫ |
| ૨૩ | મેથી | ૧૦૫૦ | ૧૦૮૦ |
| ૨૪ | સોયાબીન | ૮૩૪ | ૮૪૪ |
| ૨૫ | મરચા લાંબા | ૯૦૦ | ૩૦૪૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં કુંકાવાવ જકાતનાકા નજીક

જકાતનાકા તરફ આવવાના રસ્તે કબ્રસ્તાન સામે અંબિકાનગર પાસે રોડ ઉપર રસ્તામાં ગેરકાયદેસર રીતે રોક યુવકની સાયકલનાં આગળના ભાગે લોખંડના પાઈપના બે ઘા મારી નુકસાન કરી યુવક તથા સાહેદને જેમફાવે તેમ ગાળો આપતા યુવકની પત્ની તથા સાહેદો આરોપીને સમજાવવા જતાં આરોપીએ યુવકની પત્નીને પેટના ભાગે પાટુ મારી દીધેલ તથા આરોપી જીતુ જગાભાઈ પરમાર, ભટ્ટી જગાભાઈ પરમાર, જગાભાઈ વેલશીભાઈ પરમાર, ગોવિંદભાઈ વેલશીભાઈ પરમાર, સંજય ગોવિંદભાઈ પરમાર, બદરૂભાઈ વલ્લભભાઈ વાઘેલાએ લોખંડની પાઈપો લઈ તથા હાથમાં ભાલુ લઈ તથા હાથમાં પથ્થરો લઈ આવી ગેરકાયદેસર મંડળી રતી એકસંપ કરી તેમનો સમાન ઈરાદો પાર પાડવા યુવક તથા સાહેદોને ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો આપી યુવકને તથા સાહેદોને જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી હડધુત કરી આરોપીઓએ યુવક તથા સાહેદોને આડેધડ લોખંડનાં પાઈપો તથા પથ્થરના છુટા ઘા મારી તથા સાહેદ સરસ્વતીબેનને જાનથી મારી નાખવાના ઈરાદે ગળ દબાવી એક સ્ત્રીનો મલાજો નહી જાળવી વાળ પકડી બે વખત મોઢુ જમીન પર પછાડી દઈ મોઢાનો દાંત પાડી ઈજા કરી તથા સાહેદને ભાલાના હાથાના ઘુસ્તા મારી તથા આરોપી યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે પાઈપનો ઘા મારવા જતાં યુવકને વાંસાના ભાગે મારી ઈજા કરી ગાળો તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૬ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૦૧૦ |
| ૩ | ઘઉં | ૪૦૨ | ૪૬૨ |
| ૪ | ચણા | ૧૦૫૧ | ૧૧૦૨ |
| ૫ | તુવેર | ૧૩૦૫ | ૧૬૦૫ |
| ૬ | ધાણા | ૧૦૪૨ | ૧૦૭૬ |
| ૭ | એરંડા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૮ | સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૩૦ | ૧૨૬૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૦૩૦ |
| ૩ | તલ કાળા | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ૪ | જીરૂ | ૪૫૦૦ | ૬૨૩૫ |
| ૫ | કપાસ | ૧૨૫૧ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૪૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૮ |
| ૮ | બાજરો | ૩૫૧ | ૪૮૮ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૯૧૭ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૧ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૨ | તુવેર | ૧૪૫૦ | ૧૮૦૦ |
| ૧૩ | એરંડી | ૮૫૦ | ૧૦૯૧ |
| ૧૪ | રાય/રાયડો | ૯૪૦ | – |
| ૧૫ | ધાણા | ૧૩૦૦ | ૨૦૦૧ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં રૂપિયા ૫૦ કરોડનાં ખર્ચે

નદી રીવરફ્રન્ટને વિકસાવવાના કામને મંજૂરી આપી છે.

આ કામ મંજૂર થતા ટૂંક સમયમાં જ આ કામનો શુભારંભ કરવામાં આવશે અને કુલ ત્રણ ફેઈઝમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે. ફેઈઝ–૧માં આર.સી.સી. રિટેઈનિંગ વોલનું કામ રૂપિયા ૨૮ કરોડથી વધુ રકમના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. ફેઈઝ–૨ માં રીવર એસ્કેવેશન અને ફિલિંગનું કામ ૯ કરોડ ૬૧ લાખના ખર્ચે થશે. ત્રીજા ફેઈઝમાં સી.સી. રોડ, પેવર બ્લોક પથ વે, ગાર્ડન, સ્ટ્રીટલાઈટ, ટોઈલેટ બ્લોક, ચિલ્ડ્રન પ્લેઈંગ ઈકવિપમેન્ટ, ફાઉનટેન, વોટર રૂમ ગેટ, હાઈમાસ્ક ટાવર જેવી અનેક સુવિધાઓ રૂપિયા ૧૦ કરોડ ૮૮ લાખ કરતાં વધુ રકમના ખર્ચે નિર્માણ પામનાર છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં ઝૂંપડામાં ઘુસીને

રૂા. ૪૦૦૦ તથા સાહેદ ભગવાનભાઈ દીનેશભાઈ ભાભોરનો જુના જેવો મોબાઈલ કિંમત આશરે રૂપિયા ૩૦૦૦ તથા સાહેદ દીલીપભાઈ દિનેશભાઈ ભાભોરનો રીયલ્મી કંપનીનો જુના જેવો મોબાઈલ જેમા જેની કિંમત રૂપિયા ૨૫૦૦નો તથા સાહેદ કલમભાઈ ઘારીયાભાઈ કલારાનો ટેકનો કંપનીનો જુના જેવો લીલા જેવા કલરનો મોબાઈલ જેની કિંમત રૂપિયા ૨૮૦૦ તેમજ સાહેદ દીનેશભાઈ નંદુભાઈ ભાભોર જેનુ મોટર સાયકલ નં. જી.જે. ૧૩ ડી ૫૫૩૩ આશરે કિંમત રૂપિયા ૮૦૦૦ની મળી કુલ રૂપિયા ૨૦,૩૦૦ ના મુદામાલની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૮ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ચણા | ૧૦૯૦ | ૧૧૧૨ |
| ૪ | જુવાર સફેદ | ૮૨૬ | ૯૦૦ |
| ૫ | ઘઉં | ૪૭૧ | ૪૭૧ |
| ૬ | ધાણા | ૯૦૧ | ૧૩૫૧ |
| ૭ | તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૮ | જીરૂ | ૫૨૭૫ | ૫૩૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૮૧ |
| ૨ | ચણા | ૧૦૮૨ | ૧૧૦૧ |
| ૩ | રાય | ૯૪૦ | ૧૦૨૦ |
| ૪ | તુવેર | ૧૫૨૫ | ૧૮૩૬ |
| ૫ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૬૦૦ |
| ૭ | મગફળી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૮ | ધાણા | ૧૦૯૭ | ૧૩૦૦ |
| ૯ | સોયાબીન | ૮૦૯ | ૮૩૬ |
| ૧૦ | તલ કાળા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૧ | બાજરો | ૪૬૭ | ૪૬૭ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | રાજગરો | ૧૨૩૫ | ૧૨૩૫ |

# બગસરા ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨૧

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા.માણેકચંદ મુલચંદ સા.ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા.૨૩/૨/૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વ.જગુભાઈ અમરાભાઈ વાળાના સ્મરણાર્થે હા. સુરેશભાઈ જગુભાઈ વાળા, ભનુભાઈ વાળા તથા મજબુતભાઈ વાળાના સમસ્ત પરિવારના સૌજન્યથી ૫૯૦ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતાના સહયોગથી કરવામા આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૨૩/૨/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ખાંભાનાં સરકારી આરામગૃહનું મકાન

કરવા માટે તેમજ સ્થાનિક મિટિંગો કરવા માટે ખાંભામાં કોઈ સુવિધાજનક સરકારી હોલ ન હોવાથી સમાજની વાડી રાખવાની ફરજ પડે છે.

અમરેલીથી પસાર થનારા વીઆઈપીઓને ઉના પહોંચતા પહેલા અને મહુવા પહોંચતા પહેલા ચલાળા, ખાંભા, રાજુલામાં સરકારી રેસ્ટ હાઉસ કે સર્કિટ હાઉસ ન હોવાથી અનેક દુવિધા વધતી હોય. માર્ગ મકાન પંચાયત દ્વારા ૬૦ વર્ષ પહેલા બનેલા અને હાલ ખંઢેર બની ગયેલ ખાંભાના સર્કિટ હાઉસના ગ્રાઉન્ડમાં નૂતન સર્કિટ હાઉસ સ્ટાફ કવાટર્સ અને સિંહ, દીપડાની વ્યાપક વસ્તીવાળા ગીર બોર્ડર નજીક આવેલ સર્કિટ હાઉસના સ્થળે ૮ ફૂટ ઊંચી દીવાલ બનાવવાને લઈ ત્વરિત કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૬૦ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૨૪૦ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૬૦૦ |
| ૪ | ચણા | ૧૦૩૦ | ૧૧૪૦ |
| ૫ | ધાણા | ૧૦૧૦ | ૧૯૦૦ |
| ૬ | તુવેર | ૧૪૪૦ | ૧૬૭૦ |
| ૭ | જીરૂ | ૪૦૨૫ | ૬૪૭૫ |
| ૮ | તલ સફેદ | ૨૪૩૦ | ૨૮૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૫૦ | ૧૧૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૩ | તલ પીળા | ૩૭૦૧ | ૩૭૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૦૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૨૧ |
| ૭ | જુવાર | ૪૦૧ | ૮૫૨ |
| ૮ | તુવેર | ૧૫૨૫ | ૧૫૨૫ |

# અમરેલી ખાતેથી જિલ્લા ભાજપ આયોજીત અયોધ્યા ‘રામ લલ્લા દર્શન યાત્રા’ યોજાઈ






અમરેલી જિલ્લા ભાજપ આયોજીત અયોધ્યા રામ લલ્લા દર્શન યાત્રા યોજાઈ હતી જેમાં વોર્ડ નંબર ૨ ના ચિતલ રોડના રહીશો ભાવિક ભક્તો આયોધ્યા યાત્રા માટે જવાનાં હોય એ તમામ માતા ભાઈઓ બહેનોને વિસ્તારના નગર સેવક સુરેશભાઈ શેખવા તેમજ રવિભાઈ શેખવાની હોંકારો કાર્યાલય ખાતે એકઠા કરી દીપ પ્રાગટય કરી યાત્રિકો ને કુમ કુમ તિલક તેમજ ફુલહાર કરી પુષ્પ વર્ષા કરી સ્વખર્ચે લીલીયા સુધી વાહન બસોની વ્યવસ્થા કરી ડીજે ના તાલે રામ ભગવાનના ગીત વગાડતાં વગાડતાં. રામ મય વાતાવરણ કરી લીલીયા રેલ્વે સ્ટેશન સુધી પોહચાડી ટ્રેનમાં બેસાડી વિદાય આપવામાં આવેલ. સમગ્ર આયોજનમાં મંગલ યાત્રાની શુભકામના વિશ્વ હિન્દુ પરિષદના આગેવાન ભાનુભાઈ કીકાણી, સુરેશભાઈ શેખવા અને રવિભાઈ શેખવા, નરૂભા પરમાર તેમજ કાશ્મીરાબેન વ્યાસ દ્વારા પાઠવવામાં આવેલ હતી.

## નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી મસમોટી રકમ મંજુર થઈ

# આનંદો : કુંકાવાવ ખાતે ૧.૪૦ કરોડનાં ખર્ચે શાળાનું મકાન બનાવાશે

**ઘણા વર્ષોથી વાલીઓ, શિક્ષકો, શિક્ષણ પ્રેમીઓમાં ઉભી થયેલ માંગ પુર્ણ થઈ અને તેનું ભુમિપુજન પણ થયું**

**શાળા પરિવારે મગ-લાપસીનાં આંધણ મુકીને ખુશી વ્યકત કરી**

**પીવાનું પાણી, વૃક્ષારોપણ, આધુનિક વર્ગખંડની સુવિધા ઉભી કરાશે**

**શાળાનું મકાન યુદ્ધનાં ધોરણે અને નિયમ મુજબ બનાવવા અનુરોધ થયો**






કુંકાવાવ, તા.૨૧

કુંકાવાવ પેસેન્ટર શાળા ખાતે જજરીત શાળા હતી જેના અનુસંધાને વર્ષોથી બાળકો તેમજ શિક્ષકો ઘણી મુશ્કેલીની સામનો વર્ષોની કરી રહયા હતા. ત્યારે આ જગ્યાએ નવી શાળા બનાવવા માટે છેલ્લા ઘણા વર્ષોથી જાગૃત નાગરીકો તમેજ શાળા સ્ટાફ દ્વારા સરકારમાં તેમજ વિવિધ આગેવાને જે રજુઆતો કરવામાં અનેક વાર કરવામાં આવી હતી. જેના અનુસંધાને સરકાર દ્વારા અધતન બીલ્ડીંગ બનાવવા માટે એક કરોડ ૫૦ લાખ જેવી માતબર રકમ ફાળવવામાં આવતા નવી આધુનિક સુવીધા સભર બીલ્ડીંગ બનાવવાનું ખાત મહુરત ધારાસભ્ય અને સરકારના નાયબ ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાત મહુરત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગેવાને તેમજ શાળા સ્ટાફ દ્વારા કૌશિકભાઈ વેકરીયાના પ્રવાસને આવકારીને કુંકાવાવના ભવિષ્યના બાળકોને ઉતમ શિક્ષણ સાથે સુવિધા મળ ે તે માટે નવી બિલ્ડીંગ મંજુર કરવામાં બદલ અભિનંદન આપીને શુભેચ્છા આપી હતી.

**પ્રખ્યાત વકતા-કોલમીસ્ટ જય વસાવડા દ્વારા**

## અમરેલીના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવવા અંગે માર્ગદર્શન આપાશે

**માર્કેટયાર્ડ અને નાગરિક બેન્ક દ્વારા સોમવારે કાર્યક્રમ**

અમરેલી, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનાર ધો.૧૦ ૧૨ ની બોર્ડની પરીક્ષા આપનારા અમરેલીનાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનાં હેતુથી અમરેલી નાગરિક બેંક, એપી.એમ.સી.નાં સંયુકત ઉપક્રમે શીતલ આઈસ્ક્રીમ અને બાલમુકંદ જવેલર્સના સહયોગથી વિશ્વ વિખ્યાત વકતા અને કોલમીસ્ટ જય વસાવડાના મોટીવેશન સેમિનારનું આયોજન કરવામાં



આવ્યું છે. આગામી તા.૨૬ ફેબ્રુઆરીના રોજ અમરેલી ખાતે આવેલા જુના માર્કેટીંગ યાર્ડમાં આવેલી હોટલ એન્જલ લોર્ડસ ખાતે 'પરીક્ષા હોય કે જિંદગી વિજેતા બનીને જીવીએ' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનો પ્રારંભ સાંજે ૪ : ૦૦ કલાકથી થશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આયોજીત આ કાર્યક્રમ નિઃશુલ્ક છે. આ કાર્યક્રમનાં નિઃશુલ્ક પાસ અમરેલી નાગરિક સહકારી બેંક ખાતેથી વહેલા તે પહેલાનાં ધોરણે મળશે. આ અંગે વધુ માહિતી માટે ધ્યેય પંડયાનો મોબાઈલ નંબર ૮૨૦૦૧ ૪૧૯૧૫ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે.

## ગળકોટડી પ્રાથમિક શાળા ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી કરાઈ




બાબરા, તા. ૨૧

બાબરા તાલુકાનાં ગળ કોટડી પ્રાથમિક શાળા ખાતે ''વિશ્વ માતૃભાષા દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર વિશ્વમાં ૨૧ ફેબ્રુઆરી 'વિશ્વ માતૃભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે ગળકોટડી પ્રાથમિક શાળા દ્વારા આજરોજ 'ગુજરાતી – મારી ભાષા, મારી પ્રકૃત્તિ' થીમ સાથે ઉજવણી કરવામાં હતી. આ ઉજવણીના ભાગરૂપે શાળાના ધો. ૮નાં વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત ' હાઈકુસંગ્રહ'નું વિમોચન શાળાના આર્ચાય દીપકભાઈ આર. દવેના હસ્તે કરવામાં આવ્યું હતું. શાળાના ભાષા શિક્ષક ડો. પ્રકાશ દવે દ્વારા માતૃભાષાનું મહત્વ વિષય પર પ્રાસંગિક વાતો રજૂ કરવામાં આવી હતી. શાળ ા આચાર્ય દીપકભાઈ દવે દ્વારા માતૃભાષાના સાહજિક મહત્વને સમજાવવામાં આવ્યું હતું. શિક્ષક જીતુભાઈ તળાવિયા દ્વારા સ્વરચિત હાઈકુ રજૂ કરી પોતાનો સૂર પુરાવ્યો હતો.અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, આવી ભાષા-સાહિત્ય સંવર્ધનની પ્રવૃત્તિ શાળા દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી ચલાવવામાં આવી રહી છે. આ તકે શાળા એસ.એમ.સી. અધ્યક્ષ વાસુરભાઈ ચૌહાણ તથા નિષ્ઠાબેન શુકલા બી.આર.પી. હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષક ભાઈઓ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**અમરેલીનાં અગ્રણી દેસાઈ પરિવારનાં પુત્રનાં જન્મદિને**

## સાવરકુંડલાનાં માનવમંદિર ખાતે મનોરોગી બહેનોને મિસ્ટ ભોજન કરાવાયું

**અગ્રણી ઉધોગપતિ કિશોરભાઈ કિકાણી પણ ઉપસ્થિત રહ્યાં**

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે અમરેલીનાં સામાજીક અગ્રણી નિલેશભાઈ દેસાઈ અને કિરણબેનના સુપુત્ર પરમની જન્મદિવસની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે સુરતથી ખાસ પધારેલ અગ્રણી ઉદ્યોગપતિ કિશોરભાઈ કિકાણી તેમજ હરિદ્વારથી પધારેલ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત યજ્ઞપુરૂષ સ્વામી અને નિલેશભાઈ દેસાઈનો પરિવાર મનોરોગી બહેનો સાથે પરમનો જન્મદિવસ ઉજવી પોતાની સામાજિક ફરજ અદા કરી નિલેશભાઈ અને કિરણબેન દ્વારા પરિવાર સાથે માનવમંદિરે જન્મદિવસ પ્રથમ વખત જ ઉજવવા આવેલા અને મનોરોગી ૬૨



જેટલી બહેનોને મિષ્ટ ભોજન કરાવવામાં આવેલ. તેમજ મનોરોગી બહેનોના જીવનમાં આનંદ અને ઉલ્લાસ આવે એ હેતુસર ભકિતરામબાપુની આ સેવામાં સહયોગી બનવાનો પ્રયાસ કર્યો.

આમ દેસાઈ પરિવારે તેના સુપુત્રના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી.

## અમરેલી ખાતે લાભાર્થી સંપર્ક અભિયાનની બેઠક યોજતા ભુપેન્દ્રસિંહ ચુડાસમા

અમરેલી, તા.૨૧

આજરોજ અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે અમરેલી લોકસભા કલસ્ટરના ઈન્ચાર્જ ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને લાભાર્થી સંપર્ક અભિયાનની કાર્યશાળ ા યોજાયલ. પ્રદેશ ભાજપની આજ્ઞાનુસાર અમરેલી જિલ્લા ભાજપ દ્વારા કાર્યાલય ખાતે લાભાર્થી સંપર્ક અભિયાન અન્વયે બેઠક મળેલ જેમાં લાભાર્થી સંપર્કને લગત વિવિધ મુદાવાઈઝ માર્ગદર્શન આપેલ.અને સાથે સાથે વરિષ્ઠ આગેવાનોની બેઠક લિધેલ જેમાં આગામી વિવિધ કાર્યક્રમો તેમજ ચુંટણી લક્ષી માર્ગદર્શન તેમજ વાર્તાલાપ કરેલ જેમાં ઉપસ્થિત લોકસભા કલસ્ટરના ઈન્ચાર્જ ભુપેન્દ્રસિંહ



ચુડાસમા તેમજ અમરેલી લોકસભાના સંયોજક પુનાભાઈ ગજેરા, જિલ્લા ભાજપનાં મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પીઠાભાઈ નકુમ તેમજ અમરેલી જિલ્લા લાભાર્થી સંપર્ક અભિયાનના સહ સંયોજક રવુભાઈ ખુમાણ, મુકેશભાઈ બગડા તેમજ તમામ મંડળમાંથી પ્રમુખ તેમજ લાભાર્થી સંપર્ક અભિયાના ઈન્ચાર્જ તથા સહ ઈન્ચાર્જ ઉપસ્થિત રહેલ તેમજ આ સાથે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાનોની પણ બેઠક યોજાયેલ હતી. જેમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા વિવિધ મુદાવાઈઝ ચર્ચા વિચારણાઓ કરેલ હતી. જેમાં જિલ્લા ભરના તમામ વરિષ્ઠ આગેવાનોએ ભાગ લીધેલ આ બેઠકમાં ઉપસ્થિત પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ દિનેશભાઈ પોપટ, પ્રાગજીભાઈ હિરપરા, બિપીનભાઈ જોષી, ડો.લાડવા, કેશુભાઈ વાઘેલા, મુકુંદભાઈ મહેતા સહિતનાં સૌ વરિષ્ટ કાર્યકર્તાઓ આ બેઠકમાં ભાગ લીધેલ હતો.

## ઉનાનાં અહેમદપુર-માંડવી ચેક પોસ્ટ પાસે ડી.જે. સાઉન્ડનાં ગોડાઉનમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમો ઝડપાયા

ઉના, તા. ૨૧

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની સુચના મુજબ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના પ્રવિણ મોરી, સંદિપ ઝણકાટ, રાજુ ગઢિ યા સહિતનો સ્ટાફ ઉના પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય. ત્યારે એમદપુર-માંડવી ચેક પોસ્ટ પાસેના ભાગે પોઈઝ ડી.જે. નામના ગોડાઉનમાં દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમના પ્રવિણ મોરી સહિતનાઓને બાતમી મળતા બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા અલગ-અલગ પ્રકારની કુલ ૧૬૧ નંગ દારૂ-બિયરની બોટલો જેની કિંમત ૧૧ હજાર ૩૦૦ તથા બે મોબાઈલ જેની કિંમત રૂા. ૯ હજાર મળી કુલ રૂપિયા ૨૦ હજાર ૩૦૦ના મુદામાલ સાથે પ્રિયેશ સુરેન્દ્રભાઈ ચૌહાણ, જલ્કેશ કાંતિભાઈ ચૌહાણ રહે. ઘોઘલા, તા.જી. દીવ વાળાઓને ઝડપી પાડી જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમ ધ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડની માંગ**

## સમગ્ર રાજયમાં ચેકડેમ, તળાવ અને ડેમમાંથી માટી ઉપાડવાની મંજૂરી આપો

**રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૧

રાજયનાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સુજલામ સુફલામ જળ અભિયાન વર્ષ-૨૦૨૩ અંતર્ગત કામ કરવા બાબતનો પરિપત્ર તા. ૯/૨/૨૩માં કરવામાં આવેલ. જે ઠરાવ અન્વયે ૨૦૨૩માં રાજયમાં ચેકડેમ, તળાવ અને ડેમમાંથી ખેડુતોએ પુષ્કળ પ્રમાણમાં માટી લીધેલ જેનાથી ખુબ મોટા પ્રમાણમાં જળસંગ્રહની કામગીરી થયેલ અને આ જમીનમાં પાણીના તળ ઉંચા આવેલ હતા. દરેક ગામનું પાણી તળાવ, ચેકડેમ અને ડેમ ઉંડા થવાથી દરિયામાં જતું અટકયું હતું. જયારે વધારે વરસાદ થાય ત્યારે આ પાણી દરિયામાં જાય અને ઓછો વરસાદ થાય તો પાણી સારા પ્રમાણમાં સંગ્રહ થાય તેના માટે ખુબ સારૂ કાર્ય થયેલ. આ વર્ષે સંસદની ચુંટણી હોય ટુંક સમયમાં સંસદની ચુંટણીની જાહેરાત થાય અને આચારસંહિતા લાગે તેમ હોય તાત્કાલીક ખેડુતો માટે પોતાની જમીન સુધારણા માટે તથા રીપેરીંગ માટે ઉપાડવા માટેનો પરિપત્ર-૨૦૨૪નો તાત્કાલીક ધોરણે આચારસંહિતા પહેલા જાહેર કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

# જયશ્રી રામ : અમરેલી જિલ્લામાંથી ૧૭૪૪ રામભકતો અયોધ્યા જવા રવાના





અયોધ્યામાં રામ લલ્લા બિરાજમાન થયા બાદ સૌ રામભક્તોમાં ભગવાન રામના દર્શનાર્થે અયોધ્યા જવાની ઈચ્છા હોય ત્યારે આજે અમરેલી શહેર સહિત અમરેલી જિલ્લામાંથી આજે સ્પેશ્યલ અયોધ્યા જવા માટેની આસ્થા ટ્રેઈનને ટ્રેનને રવાના થઈ હતી. આ ટ્રેનમાં અમરેલી જિલ્લાના ૧૩૪૪ રામભક્તો અયોધ્યામાં ભગવાન રામલલ્લાના દર્શને રવાના થયા હતા. આજે અમરેલી જિલ્લા વાસીઓ માટે અયોધ્યા જવા આસ્થા ટ્રેઈન રવાના થઈ હતી જેમાં રાજુલાથી ૨૪૦, સાવરકુંડલાથી ૧૮૬, મોટા લીલીયા ૫૮૮, દામનગર ૩૩૦ રામભકતો અયોધ્યા જવા રવાના થયા હતા. આમ આ ટ્રેનમાં અમરેલી જિલ્લાના ૧૩૪૪ રામભક્તો અયોધ્યામાં ભગવાન રામલલ્લાના દર્શને જવા 'જયશ્રી રામ'ના નાદ સાથે આસ્થા ટ્રેઈનમાં રવાના થયા હતા.

## વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં આવેલ સરકારી મકાનની દયનીય હાલત

# ખાંભાનાં સરકારી આરામગૃહનું મકાન અતિ બિસ્માર

**ગીરકાંઠે આવેલ વિસ્તારમાં ૬૦ વર્ષ પહેલા બનેલ સરકારી મકાનની મરામત જરૂરી**

**દિવ, સોમનાથ કે તુલસીશ્યામ જનાર પ્રવાસીઓ કે અન્ય પદાધિકારીઓને પણ સુવિધા મળે તેમ છે**

**અધિકારી અને પદાધિકારીઓની બેઠક પણ અન્ય સ્થળોએ યોજવી પડી રહી છે**

**આરટીઆઇ એક્ટીવીસ્ટ ભીખુભાઈ બાટાવાળાએ ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવ્યો**



તસ્વીર : ભાવિક કલસરીયા-ખાંભા

ખાંભા, તા. ૨૧

વાવાઝોડામાં પડીને પાદર થઈ ખંઢેર હાલત બિન ઉપયોગી ખાંભા તાલકા મથકનાં સરકારી આરામ ગૃહ અને સ્ટાફ કવાર્ટર બનાવવા સરકારનાં જવાબદાર વિભાગોને આરટીઆઈ કાર્યકર ભીખુભાઈ બાટાવાળાએ રજૂઆત કરેલ છે.

૫૭ ગામોના તાલુકા મથક ખાંભા ખાતે ૬૦ વર્ષ પહેલા માર્ગ મકાન પંચાયત દ્વારા તત્કાલીન સમયની આધુનિક સુવિધા સાથે બગીચા સહિતની સગવડ સાથે વિશાળ જગ્યામાં બાંધવામાં આવેલ રેસ્ટ હાઉસ કાળની થપાટમાં ત્રણ મોટા મોટા વાવાઝોડા ભૂકંપના કારણે પડીને પાદર થઈ ખંડેર હાલતમાં થઈ જવા પામેલ છે.

૫૭ ગામોના તાલુકા મથક એવો ખાંભા તાલુકો અમરેલી-ગીર સોમનાથ નેશનલ હાઈવે ઉપર આવેલો હોય અહીં દિવ જનારા દેશી-વિદેશી પ્રવાસીઓ, અધિકારીઓ, ધારાસભ્યો, સંસદ સભ્યો પસાર થતા હોય. અમરેલી-ઉના વચ્ચે અને અમરેલી-મહુવા વચ્ચે કેન્દ્રમાં આવેલા ખાંભા તાલુકામાં ઉપરોકત પદાધિકારીઓ, અધિકારીઓને રેસ્ટ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ચક્કરગઢ માર્ગ પરની ઘટના

## અમરેલીમાં ઝૂંપડામાં ઘુસીને તસ્કરે મોબાઈલની ઉઠાંતરી કરી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૧

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર કાનાણીની વાડી પાસે પાણાની ખાણની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં રહેતા ગુલાબ ઘારીયાભાઈ કલારા તથા અન્ય લોકો ગત તા. ૫/૨ ના રોજ રાત્રીના ૧૦/૩૦થી તા. ૬/૨ ના વહેલી સવારના આશરે ૫/૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે અમરેલી, ચક્કરગઢ રોડ કાનાણીની વાડી પાસે પાણાની ખાણની બાજુમાં ખુલ્લી જગ્યામાં ઝુંપડા બાંધી ઝુંપડામાં રાત્રીના સુતા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ઝુંપડાઓમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન એન્ડ્રોય જુના જેવો મોબાઈલ ફોન કિંમત રૂપિયા આશરે

**અનુસંધાન પાના ૬ ઉપર**


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય................................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,190/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬



આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
amreli express
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)